# આત્મધર્મ

## વર્ષ ૨૬

## સળંગ અંક ૩૦૪

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Apr 2004 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૩૦૪

## એકવાર જો તો ખરો


શ્રીગુરુ કરુણાથી સંબોધે છે કે બાપુ! અનંતકાળે મોંઘું એવું આ મનુષ્યપણું મળ્યું ને સત્ય ધર્મસમજવાનો યોગ મળ્યો, તેમાં જો અત્યારે તારા સત્‌સ્વભાવને ઓળખીને તેનું શરણ ન લીધું તો ચારગતિમાં ક્યાંય તને શરણ નહિ મળે. તું બહારથી કે રાગથી ધર્મ મનાવી દે તેથી કદાચ જગતના અજ્ઞાનીઓ છેતરાશે ને તને માન આપશે, પણ ભગવાનના માર્ગમાં એ વાત નહિ ચાલે, તારો આત્મા તને જવાબ નહિ આપે. રાગથી ધર્મ માનતાં તારો આત્મા છેતરાઈ જશે, સત્‌ નહિ છેતરાય; સત્‌ તો જેવું છે તેવું જ રહેશે. તું બીજું માન તેથી કાંઈ સત્‌ ફરી નહિ જાય. રાગને તું ધર્મ માન તેથી કાંઈ રાગ તને શરણ નહિ આપે. ભાઈ, તને શરણદાતા ને સુખદાતા તો તારો વીતરાગસ્વભાવ છે, બીજું કોઈ નહિ. ભગવાન! તારા અંતરમાં બિરાજમાન આવા આત્માને એકવાર જો તો ખરો.

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી સંપાદકઃ બ્ર હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૫ મહા (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૬ : અંક ૪

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# હે જિન ! મેરી ઐસી બુદ્ધિ કીજે



હે જિન ! મેરી ઐસી બુદ્ધિ કીજે........હે જિન૦
રાગદ્વેષ–દાવાનલતેં બચિ, સમતારસમેં ભીજે...હે જિન૦
પરમેં ત્યાગ અપનપો, નિજમેં લાગ, ન કબહૂ છીજે,
કર્મ–કર્મફલમાંહિ ન રાચે જ્ઞાનસુધારસ પીજે......હે જિન૦
સમ્યક્‌દરશન–જ્ઞાન–ચરણનિધિ તાકી પ્રાપ્તિ કરીજે,
મુજ કારજકે તુમ કારનવર અરજ दौलकी લીજે...હે જિન૦

**છહઢાળાના કર્તા પં.** શ્રી દૌલતરામજી આ ભજનદ્વારા શ્રી જિનેન્દ્રદેવ પ્રત્યે પ્રાર્થના કરતાં ભાવના ભાવે છે કે હે જિન ! મને એવી ઉત્તમ સુબુદ્ધિ પ્રગટો કે જેથી રાગદ્વેષરૂપી દાવાનળમાંથી બચીને મારો આત્મા સમતારસમાં તરબોળ બને; અને પરમાં આત્મબુદ્ધિ છોડીને નિજસ્વરૂપમાં એવો લાગે કે તેમાંથી કદી ન છૂટે; કર્મ કે કર્મફળમાં તે કદી ન રાચે, ને જ્ઞાનસુધારસ પીએ; આ રીતે સુબુદ્ધિ વડે મારો આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રરૂપી નિધિને પ્રાપ્ત કરે. મારા આવા કાર્યનું ઉત્તમ કારણ આપ છો–માટે હે જિનેન્દ્રદેવ ! આ અરજીનો સ્વીકાર કરજો.

વાર્ષિક લવાજમ
ચાર રૂપિયા

વીર સં. ૨૪૯૫
મહા

# * આનંદ અને જ્ઞાન બંને સહકારી છે *

જ્ઞાનની જેમ આનંદ પણ આત્માનો સ્વભાવ છે.

જ્યાં આનંદ ન હોય ત્યાં જ્ઞાન પણ કેમ હોય ?

આનંદ વગરના જ્ઞાનને જ્ઞાન કહેતા નથી.

એકલું પરસન્મુખી જ્ઞાન તે જ્ઞાન નથી, કેમકે તેમાં આનંદ નથી.

સ્વસન્મુખજ્ઞાન જ અતીન્દ્રિય આનંદ સહિત છે, તે જ જ્ઞાન છે.

એક સાથે આવું જ્ઞાન ને આવો આનંદ તે આત્મસ્વભાવ છે.

આનંદ વગરનું જ્ઞાન હોતું નથી, જ્ઞાન વગર આનંદ હોતો નથી.

આત્મામાં સ્વસન્મુખ થતાં એક સાથે જ જ્ઞાન–આનંદરૂપે આત્મા સ્વયં પરિણમે છે.–આવો સ્વભાવ તે આત્મા છે.

જેમાં આનંદ નહિ તે આત્મા નહીં...આત્મા તો અનાકુળતા લક્ષણવાળા સુખસ્વભાવરૂપ છે. એ સુખથી વિલક્ષણ જે ભાવો છે તે આત્મા નથી, આત્માનો જે ભાવ હોય તે તો સુખરૂપ હોય–જ્ઞાનરૂપ હોય. જ્ઞાનવગરનો–સુખવગરનો ભાવ તેને આત્મા કેમ કહેવાય ? શુભ–અશુભવૃત્તિઓ કે–જેમાં આકુળતા છે–જેમાં નિરાકુળતારૂપ સુખ નથી, તેને આત્મા કોણ કહે ? એ તો આત્માના સ્વભાવથી જુદા લક્ષણવાળા છે. આત્માનું વેદન તો આકુળતા વગરના સહજ આનંદરૂપ છે.

# – આવી દશાથી જ્ઞાની ઓળખાય છે

卐

ચોથાગુણસ્થાનવાળા સમકિતી ધર્માત્મા કે જે ભેદજ્ઞાનરૂપી ચાવી વડે અંતરમાં ચૈતન્યના આનંદનિધાનના તાળાં ખોલીને સાધન થયા છે, જે મોક્ષના પંથે ચડયા છે, જેને અંતરમાં ચૈતન્યના ભેટા થયા છે, એવા જ્ઞાનીધર્માત્મા મતિ–શ્રુતજ્ઞાનથી ચૈતન્યના અતીન્દ્રિય આનંદનું સ્વસંવેદન કરે છે. અહા, જગતના રસથી જુદી જાતનો ચૈતન્યનો રસ છે. ઇન્દ્રપદના વૈભવમાં કે દેવોના અમૃતમાં પણ તે રસ નથી. સમકિતી ઇન્દ્રો જાણે છે કે અમારા ચૈતન્યના અતીન્દ્રિય સ્વાદ પાસે આ ઇન્દ્રપદ તો શું!–આખા જગતનો વૈભવ પણ તૂચ્છ છે...નીરસ છે ચૈતન્યનો રસ અત્યંત મધુર...અત્યંત શાંત...અત્યંત નિર્વિકાર. આવા અત્યંત મધુર ચૈતન્યરસનું સંવેદન થતાં એવી તૃપ્તિ થાય કે આખા જગતનો રસ ઊડી જાય. શાંત...શાંત ચૈતન્યરસનું મધુરુ વેદન થયું ત્યાં આકુળતાજનક એવા કષાયના કડવા રસનું કર્તૃત્વ કેમ રહે? એ રસને કોણ ચાખે? કષાયોથી ચૈતન્યનું અત્યંત ભિન્નપણું થયું સ્વસન્મુખ થઈને આવા સ્વાદનું સ્વસંવેદન કરવાની મતિ–શ્રુતજ્ઞાનની તાકાત છે. મતિશ્રુતને સ્વસન્મુખ કરીને ધર્માત્મા આવા ચૈતન્યસ્વાદનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે છે.

અહા, જુઓ તો ખરા! કેવા શાંતભાવો આચાર્યદેવે ભર્યા છે. અમૃતના સાગર કેમ ઊછળે–એ વાત અમૃતચંદ્રાચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે.

સાધકની અંદરની શું સ્થિતિ છે તેની જગતના જીવોને ખબર નથી; એના હૃદયના ગંભીર ભાવો ઓળખવાનું સાધારણ જીવોને મુશ્કેલ પડે તેવું છે. સમજવા માંગે તો બધું સુલભ છે. આ ભાવો સમજે તો શાંતરસરૂપી અમૃતના સાગર ઊછળે ને ઝેરનો (કષાયોનો) સ્વાદ છૂટી જાય. ભેદજ્ઞાનનો આ મહિમા છે. ભેદજ્ઞાનવડે જ શાંતરસ અનુભવાય છે. ભેદજ્ઞાની થતાં જ જીવની આવી દશા થાય છે. જ્ઞાની ધર્માત્મા ચૈતન્યરસના સ્વાદ પાસે જગતના બધા સ્વાદ પ્રત્યે સદાય ઉદાસીન છે. રાગ પ્રત્યે પણ અત્યંત ઉદાસીન છે–તેના કર્તા થતા નથી. પોતાને એક જ્ઞાયકસ્વભાવપણે જ અનુભવે છે.–આવી દશાથી જ્ઞાની ઓળખાય છે.

**તે જ્ઞાનીના ચરણમાં હો વંદન અગણીત.**

# ચૈતન્યવિદ્યાનો અભ્યાસ

**હે ભાઈ! કલબલ કરવાનું છોડ......ને આત્માના અભ્યાસમાં ચિત્તને જોડ**

આત્માનો અનુભવ કરવા માટે જેને લગની લાગી છે એવા શિષ્યને સંબોધીને ૩૪ મા કળશમાં આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! વિરમ...જગતના બીજા કોલાહલથી તું વિરક્ત થા. બહારના કલબલથી તને કાંઈ લાભ નથી માટે એનાથી તું વિરક્ત થા...બાહ્ય કોલાહલને એકકોર રાખીને અંતરમાં ચૈતન્યને દેખવાનો અભ્યાસ કર. સમસ્ત પરભાવોના કોલાહલથી રહિત એવા ચૈતન્યસ્વરૂપને દેખવા માટે નિભૃત થા. નિભૃત થઈને એટલે કે શાંત થઈને, નિશ્ચળ થઈને, એકાગ્ર થઈને, વિશ્વાસુ થઈને, સ્થિર થઈને, ગુપ્ત રીતે, ચુપચાપ, વિનીત થઈને, કેળવાયેલ થઈને, દ્રઢ થઈને અંતરમાં ચૈતન્યને દેખવાના અભ્યાસમાં તારું ચિત્ત બરાબર જોડ. એકવાર છ મહિના સુધી આવો અભ્યાસ કરીને તું ખાતરી કરી જો...કે આમ કરવાથી તારા હૃદયસરોવરમાં પુદ્‌ગલથી ભિન્ન એવા ચૈતન્યપ્રકાશની પ્રાપ્તિ થાય છે કે નહીં? છ મહિનામાં તો જરૂર પ્રાપ્તિ થશે.

હે ભાઈ! તારી બુદ્ધિથી દેહ અને રાગાદિને પોતાના માનીને તેનો તો તેં અનંતકાળથી અભ્યાસ કર્યો, છતાં ચૈતન્યવિદ્યા તને પ્રાપ્ત ન થઈ, તને તારો આત્મા અનુભવમાં ન આવ્યો, ને તું અજ્ઞાની જ રહ્યો...માટે હવે તારી એ મિથ્યાબુદ્ધિને છોડીને અમે કહીએ છીએ તે રીતે તું અભ્યાસ કર. એવા અભ્યાસથી છ મહિનામાં તો તને જરૂર ચૈતન્યવિદ્યા પ્રાપ્ત થશે...છ મહિના સુધી લગનીપૂર્વક અભ્યાસ કરતાં તને જરૂર આત્માનો અનુભવ થશે. ભાઈ, છ મહિના તો અમે વધુમાં વધુ કહીએ છીએ, જો ઉત્કૃષ્ટ આત્મલગની પૂર્વક તું પ્રયત્ન કર તો તો બેઘડીમાં જ તને આત્માનો અનુભવ થશે.

અહા, જુઓ તો ખરા....આ ચૈતન્યના અનુભવનો માર્ગ! કેટલો સરલ અને સહજ! ચૈતન્યનો અનુભવ સહજ અને સરલ હોવા છતાં, દુનિયાના નકામા કોલાહલમાં જીવ રોકાઈ ગયો હોવાથી તેને તે દુર્લભ થઈ પડયો છે. તેથી આચાર્યદેવ ખાસ શરત મૂકે છે કે દુનિયાનો નકામો કોલાહલ છોડીને ચૈતન્યના અનુભવનો અભ્યાસ કર...એક ચૈતન્યતત્ત્વ સિવાય બીજું બધું ભૂલી જા...આ રીતે, માત્ર ચૈતન્યનો

જ અભિલાષી થઈને અંતરમાં તેના અનુભવનો અભ્યાસ કર તો તેની પ્રાપ્તિ કેમ ન થાય ? –જરૂર થાય. ‘કેટલા વખતમાં ?’–કે માત્ર બે ઘડીમાં ! કદાચ તને કઠણ લાગે અને વાર લાગે તોપણ વધુમાં વધુ છ મહિનામાં તો જરૂર આત્માની પ્રાપ્તિ થશે. આ રીતે આત્મપ્રાપ્તિના અભ્યાસનો વધુમાં વધુ કોર્સ છ મહિના છે. છ મહિનાના એકધારા સાચા અભ્યાસથી આત્મપ્રાપ્તિ જરૂર થાય છે.

અહીં ‘વધુમાં વધુ છ મહિના’ કહીને કાંઈ કાળની ગણતરી ઉપર વજન નથી દેવું, પરંતુ શિષ્યને આત્મલગનીના ભાવ કેવા ઉગ્ર છે તે બતાવવું છે. આખાય જગતની દરકાર છોડીને જે શિષ્ય આત્માનો અનુભવ કરવા તૈયાર થયો તે શિષ્ય કાળના માપ સામે જોતો નથી કે ‘કેટલો કાળ થયો !’–તે તો અંતરમાં ચૈતન્યને પકડવાના અભ્યાસમાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે, ક્ષણે ક્ષણે ચૈતન્યસ્વભાવ નજીક ને નજીક થતો જાય છે. આવો ને આવો ધારાવાહી અભ્યાસ ઠેઠ આત્માનો અનુભવ થતાં સુધી તે ચાલુ જ રાખે છે. આવા અનુભવના અભ્યાસમાં તેને પોતાને જ અંતરમાં પ્રતિભાસે છે કે મારા ચિદાનંદ સ્વભાવની શાંતિ હવે નીકટમાં જ છે. સુખના સમુદ્રને સ્પર્શીને ઠંડી હવા આવી રહી છે, હવે સુખનો સમુદ્ર એકદમ પાસે જ છે. આથી આચાર્યદેવે કહ્યું કેઃ હે ભાઈ ! છ મહિના આવો અભ્યાસ કરવાથી તને પોતાને જ હૃદયમાં ચૈતન્યનો વિલાસ દેખાશે. માટે બીજી આડીઅવળી અત્યાર– સુધીની અભ્યાસેલી તારી દલીલો એકકોર મૂક અને આ રીતે અંતરમાં ચૈતન્યના અનુભવનો અભ્યાસ કર.

જુઓ, આ ચૈતન્યવિદ્યાનો અભ્યાસ ! આ ચૈતન્યવિદ્યા તો ભારતની મૂળ વિદ્યા છે. અગાઉ તો બાળપણથી જ ભારતના બાળકોમાં આવી ચૈતન્યવિદ્યાના સંસ્કાર રેડાતા... માતાઓ પણ ધર્માત્મા હતી. તેઓ પોતાના બાળકોને આવા ઉત્તમ સંસ્કારો શીખવતી. અને બાળકો પણ અંતરમાં અભ્યાસ કરીને–અંતરમાં ઊતરીને આઠ આઠ વરસની ઉંમરમાં આત્માનો અનુભવ કરતા...ભારતમાં ચૈતન્યવિદ્યાનો આવો ધીકતો ધર્મકાળ હતો...તેને બદલે આજે તો આ ચૈતન્યવિદ્યાનું શ્રવણ મળવું પણ કેટલું દુર્લભ થઈ પડયું છે !! પરંતુ જેને હિત કરવું હોય ને શાંતિ જોઈતી હોય તેણે આ ચૈતન્યવિદ્યા શીખ્યે જ છૂટકો છે...આ સિવાય જગતની બીજી કોઈ વિદ્યા વડે આત્માને હિત કે શાંતિનો અંશ પણ મળે તેમ નથી. માટે હે જીવ ! ‘આ વાત અમને ન સમજાય...અમને અઘરું લાગે...અત્યારે અમને ટાઈમ નથી’–એમ નકામું કલબલ કરવાનું છોડ. ને આ ચૈતન્યના અભ્યાસમાં જ તારા આત્માને જોડ. છ મહિના એકધારો અભ્યાસ કરવાથી તને જરૂર આત્મજ્ઞાન અને આત્મશાંતિ થશે.

# શ્રી કાર્તિકેયસ્વામીરચિત દ્વાદશઅનુપ્રેક્ષામાંથી

## : સંસાર અનુપ્રેક્ષા:

## સંસાર

મિથ્યાત્વ અને કષાય સહિત જીવ એક શરીર છોડીને બીજું શરીર ગ્રહણ કરે છે, ફરી ફરીને તે શરીર છોડીને નવું–નવું શરીર ધારણ કરે છે ને પાછો છોડે છે.–આ પ્રમાણે મિથ્યાત્વ અને કષાયયુક્ત જીવને વારંવાર અનેક શરીરોમાં જે સંસરણ થાય છે તેને સંસાર કહેવાય છે. (અથવા પરભાવમાં પરિણમવું ને સ્વભાવમાંથી સરી જવું–તેનું નામ સંસાર છે.)

## નરકનાં દુઃખ

જીવ પાપના ઉદયથી નરકમાં ઊપજે છે, ત્યાં તે પાંચ પ્રકારનાં દુઃખો સહે છે, તેમજ ઉપમારહિત બીજા અનેક દુઃખો સહન કરે છે. (૧) અસુરદેવોથી ઉપજાવેલાં દુઃખ, (૨) શારીરિક તથા (૩) માનસિક અનેક દુઃખ (૪) ક્ષેત્રથી ઉત્પન્ન દુઃખ તથા (૫) અન્યોન્યકૃત દુઃખ–એમ પાંચ પ્રકારે તીવ્રદુઃખ નરકમાં છે. ત્યાં શરીરને છેદી–ભેદીને તલતલ જેવડા ટૂકડા કરે છે, વજ્રાગ્નિમાં ઊકાળે છે ને રૂધિરના કુંડમાં ફેંકે છે. એમ અનેક પ્રકારે જે દુઃખો નરકમાં એકસમયમાં જીવ સહન કરે છે તે બધાનું વર્ણન હજારો જીભવડે પણ થઈ શક્તું નથી. નરકનું ક્ષેત્ર સ્વભાવથી જ સર્વ પ્રકારે દુઃખદાયક અને અશુભ છે; તથા નારકી જીવો એકબીજા પ્રત્યે સદાય કુપિત (ક્રોધવાળા) રહે છે. અન્ય ભવમાં જે સ્વજન હોય તે પણ નરકમાં અત્યંત કોપિત થઈને હણે છે. એ પ્રમાણે નારકી જીવ તીવ્ર વિપાકવાળાં દુઃખો ઘણા કાળ સુધી ભોગવે છે.

## તિર્યંચનાં દુઃખ

તે નરકમાંથી નીકળીને જીવ અનેક પ્રકારની તિર્યંચગતિમાં ઊપજે છે, ત્યાં પણ ગર્ભનાં તથા છેદનાદિકનાં દુઃખ પામે છે; સિંહ વગેરે તિર્યંચોવડે તે ખવાય છે, દુષ્ટ મનુષ્યો વડે હણાય છે,–એમ સર્વત્ર ભયથી ત્રાસીને ભયંકર દુઃખો સહન કરે છે. એક બીજાવડે ભક્ષ્ય થતા તે તિર્યંચો દારૂણ દુઃખ પામે છે.–અરે, જ્યાં માતા જ પુત્રને ખાઈ જાય છે ત્યાં બીજું કોણ રક્ષા કરે? ત્યાં ઉદરાગ્નિથી ભળભળતો તે જીવ તીવ્ર તરસથી તરસ્યો અને તીવ્ર ભૂખથી ભૂખ્યો થઈને તીવ્ર દુઃખ પામે છે. એ પ્રમાણે તિર્યંચયોનિમાં બહુ પ્રકારનાં દુઃખો સહન કરે છે.

## મનુષ્યનાં દુઃખ

તિર્યંચમાંથી માંડમાંડ નીકળીને અપૂર્ણ–

લબ્ધિવાળો (લબ્ધિ–અપર્યાપ્ત) મનુષ્ય થાય છે. ગર્ભમાં ઊપજે તો ત્યાં પણ અંગ–પ્રત્યંગના અત્યંત સંકોચથી તીવ્ર દુઃખ પામે છે, તથા જન્મ વખતે યોનિમાંથી નીકળતાં મહા દુઃખ પામે છે. બાળપણમાં જ માતા–પિતાથી રહિત થવાથી દુઃખિત થઈને પારકી એઠ ખાઈને ઊછરે છે, તથા યાચક–ભીખારી થઈને મહા દુઃખમાં કાળ વીતાવે છે. આ પ્રમાણે પાપને લીધે અશુભકર્મને વશ સર્વ જીવો દુઃખ ભોગવે છે,–છતાં ફરીને પણ તે પાપ જ કરે છે, કંઈ પણ પુણ્ય ઉપાર્જન કરતા નથી. સમ્યગ્દ્રષ્ટિ, વ્રતસંયુક્ત, ઉપશમભાવસહિત તથા નિંદા–ગર્હણાસંયુક્ત–એવા વિરલા જીવો જ પુણ્યોપાર્જન કરે છે. પુણ્યવંત જીવને પણ ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગ થતો દેખાય છે.–જુઓ, અભિમાનયુક્ત ભરતચક્રવર્તી જેવા પણ પોતાના નાના ભાઈવડે પરાજિત થઈ ગયા.

આ સંસારમાં બહુપુણ્યવંતને પણ સમસ્ત ઇષ્ટ વિષયોનો યોગ સર્વાંગપણે મળતો નથી; ને એવું કોઈ પુણ્ય પણ નથી કે જેના વડે બધું જ મનોવાંછિત મળે.

કોઈને તો સ્ત્રી નથી; જો સ્ત્રી છે તો પુત્ર પ્રાપ્તિ નથી, અને પુત્ર હોય તો વળી શરીર રોગી હોય છે. કદાચિત્ નીરોગ શરીર હોય તો ધન–ધાન્ય હોતાં નથી; ને ધન–ધાન્ય પણ હોય તો જલ્દી મૃત્યુ આવી પડે છે. વળી કોઈની સ્ત્રી દુષ્ટ હોય છે, કોઈનો પુત્ર દુરાચારી–વ્યસની હોય છે; કોઈના બાંધવો જ શત્રુ જેવા છે, અને કોઈની પુત્રી દુરાચારિણી હોય છે; કોઈનો સુપુત્ર મરી જાય છે, કોઈની વહાલી સ્ત્રી મરી જાય છે, કોઈના ઘર–કુટુંબ અગ્નિમાં ભસ્મ થઈ જાય છે. (સંસારમાં આમ અનેકવિધ ઈષ્ટવિયોગ ને અનીષ્ટસંયોગ થયા કરે છે.) અરે, મનુષ્યગતિમાં આવાં અનેક દુઃખો સહેવા છતાં પણ જીવ ધર્મમાં બુદ્ધિ કેમ જોડતો નથી? ને આરંભને કેમ છોડતો નથી!

સંસારમાં પુણ્ય–પાપનું ચક્ર સદાય ફર્યા કરે છે; તેથી કર્મવિપાકઅનુસાર ક્યારેક ધનવાન તો નિર્ધન બની જાય છે ને નિર્ધન પણ ધનવાન થઈ જાય છે; રાજા મટીને સેવક બની જાય છે, ને સેવક પણ રાજા થઈ જાય છે. શત્રુ હોય તે મિત્ર બની જાય છે ને મિત્ર પણ શત્રુ બની જાય છે.–સંસારનો તો આવો જ સ્વભાવ છે.

## દેવગતિનાં દુઃખ

હવે કદાચિત દેવ થાય તો તેને પણ, બીજા મહાન ઋદ્ધિધારક દેવોનો વૈભવ દેખીને બળતરાથી માનસિક દુઃખ થાય છે. મહર્દ્ધિકદેવોને પણ ઇષ્ટવિયોગ થતાં વિષયતૃષ્ણાવશ દુઃખ થાય છે. જેમનું સુખ વિષયોને આધીન છે (પરાધીન છે) એવા જીવને તૃપ્તિ ક્યાંથી હોય? (એટલે પુણ્યજનિત ઇન્દ્રિયસુખોથી જીવ ખરેખર સુખી થતો નથી.) શારીરિક દુઃખોથી પણ માનસિક દુઃખો અત્યંત તીવ્ર હોય છે; માનસિકદુઃખવાળા જીવને વિષયો પણ દુઃખકર થઈ પડે છે. બાહ્યસામગ્રીઓ વિદ્યમાન હોય તોપણ માનસિક ચિંતાવાળો જીવ દુઃખી જ રહે છે. મનોહર વિષયોવડે

દેવોને સુખ હશે–એમ વિચારવામાં આવે તો, તેમને પણ ખરેખર સુખ નથી, કેમકે જે સુખ વિષયોને આધીન છે તે દુઃખનું જ કારણ છે. (દુઃખી જીવો જ તે વિષયો તરફ ધસે છે.)

–એ પ્રમાણે જો યથાર્થ વિચારવામાં આવે તો, સર્વપ્રકારે અસાર સંસાર–કે જે ઘોર દુઃખનો સાગર છે–તેમાં ક્યાંય જરાપણ સુખ નથી.

## સંસારની વિચિત્રતા

અરે જીવો! મોહનું આ માહાત્મ્ય તો દેખો,–કે દુષ્કૃત્યવશ રાજા પણ વિષ્ટામાં કીડો થાય છે અને તેમાં જ તે રતિ કરે છે.

પુત્ર તો ભાઈ થયો, ભાઈ તે દીયર થયો, માતા તો પત્ની થઈ, પિતા જ પતિ થયો; –અરે! ધર્મરહિત જીવોને એક જ ભવમાં આવા સંબંધો થઈ જાય છે, તોપછી અન્યભવોનું તો શું કહેવું?

(અહીં કાર્તિકેયાનુપ્રેક્ષાની ટીકામાં એક ભવમાં અઢાર સંબંધ થવાની કથા લખેલ છે. પૂર્વભવમાં મુનિરાજની નિંદા કરવાને લીધે જે વસંતતિલકા નામની વેશ્યાની પુત્રી થઈ છે અને પોતાના ભાઈની જ પત્ની થઈ છે તે કમળા, તેના વરુણ નામના ભાઈને પારણામાં ઝુલાવતાં તેની સાથેના વિચિત્ર સંબંધો કહે છે કે–તું મારો પુત્ર પણ છે, ભત્રીજો પણ છે, ભાઈ પણ છે, દીયર પણ છે, કાકો પણ છે અને પૌત્ર પણ છે. પૂરીકથા માટે જુઓ ગુજરાતી કાર્તિકેયાનુપ્રેક્ષા પૃ. ૩૧)

## મિથ્યાત્વને લીધે પંચપરાવર્તન

આવો આ વિચિત્ર સંસાર પંચવિધ પરિભ્રમણયુક્ત છે–દ્રવ્યપરિભ્રમણ, ક્ષેત્રપરિભ્રમણ, કાળપરિભ્રમણ, ભવપરિભ્રમણ અને ભાવપરિભ્રમણ.–આવા પંચપરાવર્તનરૂપ સંસારમાં મિથ્યાત્વ–કષાયસંયુક્તજીવ વિવિધ કર્મપુદ્ગલોને તથા નોકર્મપુદગલોને દરેક સમયે બાંધે છે. અને છોડે છે. (–આ દ્રવ્યપરાવર્તન છે.) આ સમસ્ત લોકાકાશનો એવો કોઈ ભાગ નથી કે જ્યાં દરેક જીવ જન્મ્યો–મર્યો ન હોય. (આ ક્ષેત્રપરાવર્તન છે.) ઉત્સર્પિણી તેમજ અવસર્પિણી કાળના પ્રથમ સમયથી માંડીને અનુક્રમે છેલ્લા સમય સુધી દરેક સમયમાં જીવ જન્મ–મરણ કરે છે. (–આ કાળપરાવર્તન છે.) નરકાદિ ચારે ગતિમાં જઘન્યસ્થિતિથી માંડીને ઉત્કૃષ્ટસ્થિતિ સુધી અનુક્રમે દરેક આયુસ્થિતિમાં જીવ જન્મે છે; આ રીતે ગ્રૈવેયક સુધીના ભવમાં જન્મે છે. (–આ ભવપરાવર્તન છે.) અને, જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તથા અનુભાગબંધના નિમિત્તરૂપ વિવિધકષાયરૂપ પરિણમતો જીવ સંસારમાં ભમે છે તે ભાવપરાવર્તન છે.–એ પ્રમાણે, ઘણા દુઃખના નિધાન એવા પંચપરાવર્તનરૂપ સંસારમાં જીવ અનાદિકાળથી મિથ્યાત્વદોષને લીધે ભમે છે.

## સંસારના નાશને માટે આત્માનું ધ્યાન

–એ રીતે સંસારનું સ્વરૂપ જાણીને, તથા સર્વપ્રકારના ઉદ્યમથી મોહને છોડીને, હે જીવ! તું એ આત્મસ્વભાવને ધ્યાવ–કે જેનાથી સંસારપરિભ્રમણનો અંત આવે.

# ચાલો શીખીએ......જૈન બાળપોથી......

અગાઉના ૬૪ પ્રશ્નો તમે શીખી લીધા હશે. અહીં બીજા પ્રશ્નો આપ્યા છે, તે તમે પાઠ ૧૫ થી ૨૮માંથી શીખી લેજો. તમારી પાસે બાળપોથી ન હોય તો તા. ૩૧ જાન્યુઆરી સુધી મંગાવી લેશો. ધાર્મિકઅભ્યાસમાં આળસ કરશો નહીં.

૬૫ જૈન કોને કહેવાય?

૬૬ જેણે રાગ–દ્વેષ ટાળ્યા તેને શું કહેવાય?

૬૭ જિનદેવ કેવા છે?

૬૮ એક હતો રાજા; તે શા માટે રોઈ પડયો?

૬૯ સુખી થવા માટે રાજાને મુનિએ શું કહ્યું?

૭૦ જીવો બે પ્રકારનાં છે,–તે ક્યા?

૭૧ સ્વર્ગના જીવો સંસારી છે કે મુક્ત?

૭૨ જીવ ક્યાં સુધી સંસારમાં રખડે છે?

૭૩ મુક્ત થવા માટે જીવે શું કરવું જોઈએ?

૭૪ કર્મ જીવ છે કે અજીવ?

૭૫ જીવમાં કર્મ છે?

૭૬ જીવ કેમ દુઃખી થાય છે? અજ્ઞાનથી કે કર્મથી?

૭૭ મહાવીરે શું કર્યું કે જેથી તેઓ ભગવાન થયા?

૭૮ મહાવીરનો જન્મદિવસ ક્યો? ને માતાજીનું નામ શું?

૭૯ પૂર્વભવનું જ્ઞાન થતાં ભગવાને શું કર્યું?

૮૦ મુનિ થયા પછી ભગવાન શું કરતા હતા?

૮૧ ભગવાનનો ઉપદેશ સાંભળવા કોણ કોણ આવ્યું?

૮૨ મહાવીર ભગવાન ક્યાંથી મોક્ષ પામ્યા?

૮૩ અત્યારે મહાવીરભગવાન અરિહંત છે કે સિદ્ધ?

૮૪ તેઓ અત્યારે ક્યાં રહેતા હશે?

૮૫ સવારમાં વહેલા ઊઠીને તમે શું કરશો?

૮૬ આપણે હંમેશા શું–શું કરવું જોઈએ?

૮૭ એક માતા બાળકને સારીસારી શિખામણ આપે છે, તેમાં સૌથી પહેલાં શું કહે છે?

૮૮ આપણે રાત્રે ખવાય?

૮૯ તમે દરરોજ શું કરશો?

૯૦ તમે કદી શું નહિ કરો?

૯૧ આતમ–ભાવના ભાવતાં શું મળે?

૯૨ ‘સહજાનંદી શુદ્ધસ્વરૂપી અવિનાશી’ તે કોણ છે?

૯૩ આપણા દેવ કોણ?

૯૪ દેહ અને જીવ–તેમાં અમર કોણ?

૯૫ “વંદન અમારાં”...તેમાં તમે કોને કોને વંદન કરો છો?

૯૬ આતમદેવ કેવો છે? (પાઠ ૨૬ની કવિતા)

૯૭ એક બાલક શું જોવા માગે છે?


૯૮ આત્મા આંખથી દેખાય કે નહીં?

૯૯ આત્મા શેનાથી દેખાય?


૧૦૦ જન્મ વગરનો ને મરણ વગરનો.........(પછી શું?)

૧૦૧ પોતે છે ભગવાન......પોતે છે સિદ્ધ.......(પૂરું કરો)

(વધુ પ્રશ્નો માટે જુઓ પાનું ૪૦)



# સર્વજ્ઞસ્વભાવી આત્માને જે સાધે તે સાધક



**વીતરાગનો ઉપદેશ વીતરાગતા માટે જ છે. રાગ વગરનો મોક્ષમાર્ગ ભગવાને ઉપદેશ્યો છે; સ્વવીર્યથી સિદ્ધપદ સધાય છે. વચ્ચે રાગ આવે તે જાણવાની ચીજ છે પણ તે કાંઈ સાધવાની ચીજ નથી. સાધવાની ચીજ તો વીતરાગી જ્ઞાન-આનંદ જ છે. આવું વીતરાગી સ્વવીર્ય તે જ મોક્ષનું સાથીદાર છે. સર્વજ્ઞદેવે કહેલાં ચારે અનુયોગમાં આત્મશુદ્ધિનું જ તાત્પર્ય છે. જિનદેવનો ઉપદેશ સ્વાનુભવ કરવા માટે છે, લોકરંજન માટે નહીં. આમ અનેકવિધ રહસ્ય ગુરુદેવે આ પ્રવચનમાં સમજાવ્યાં છે. ‘અષ્ટપ્રવચન’ નું જે બીજું પુસ્તક તૈયાર થાય છે તેમાંથી આ પ્રવચન આપ્યું છે.**

卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐 * 卐

આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, તેને ભવ્ય જીવ સાધે છે. સમય એટલે જ્ઞાનરૂપે પરિણમતો આત્મા; ‘જ્ઞ–સ્વરૂપ’ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. સર્વજ્ઞને જેવું જ્ઞાનસામર્થ્ય પ્રગટ્યું તેવું જ મારા સ્વભાવમાં છે,–એમ સર્વજ્ઞસ્વરૂપ આત્માનો નિર્ણય કરવો તે સર્વ જ્ઞાનનો સાર છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. જ્ઞાન શું કરે? ત્રણકાળ ત્રણલોકને જાણે. જ્ઞાનથી ભરપૂર અને રાગદ્વેષથી રહિત, જ્ઞાનની અસ્તિ ને રાગની નાસ્તિ–એમ અનેકાન્તવડે આત્મસ્વરૂપનો નિર્ણય થાય છે. આવા આત્મસ્વરૂપનો નિર્ણય કરીને તેમાં લીન થવું તે મોક્ષમાર્ગ છે, વચ્ચે રાગાદિ વ્યવહાર આવે, પણ તે રાગ વડે કાંઈ જ્ઞાન કે શુદ્ધતા વધતા નથી. જ્ઞાનની શુદ્ધી પોતાના સર્વજ્ઞ–સ્વભાવના આશ્રયે જ વધે છે. આમ જાણીને ભવ્યજીવ–જ્ઞાનીજીવ અંતરમાં સર્વજ્ઞસ્વભાવી આત્માને સાધે છે. આ રીતે સર્વજ્ઞસ્વભાવને સાધે તે જ સાચો સાધક છે.

## સર્વજ્ઞસ્વભાવને જાણતાં રાગથી ભિન્નતારૂપ ભેદજ્ઞાન થાય છે

પોતાનું સ્વરૂપ સર્વજ્ઞસ્વભાવી છે. તેનાથી જે વિરુદ્ધ છે, એટલે કે સર્વજ્ઞસ્વભાવને જે નથી માનતો, ને રાગથી લાભ માને છે, તે અજ્ઞાની જીવ આત્મજ્ઞાન રહિત છે, ને તેની બધી શુભાશુભક્રિયાઓ અજ્ઞાનમય છે, મિથ્યા છે. એકકોર સર્વજ્ઞસ્વભાવ અને તેની સામે અજ્ઞાન, સર્વજ્ઞસ્વભાવની પ્રતીત વગરનું જે કાંઈ છે તે બધુંય અજ્ઞાનમાં જાય છે, તેનું ફળ સંસાર છે. રાગનો એક કણિયો પણ સર્વજ્ઞસ્વભાવમાં સમાય તેમ નથી. રાગનો અંશ પણ ભેગો ભેળવે તો સર્વજ્ઞસ્વભાવ જ સિદ્ધ ન થાય. એટલે રાગના કોઈ પણ અંશમાં જેને ધર્મબુદ્ધિ છે, તેણે સર્વજ્ઞસ્વભાવી આત્માને માન્યો નથી. સર્વજ્ઞસ્વભાવી આત્માને માનતાં રાગથી ભેદજ્ઞાન થઈ જ જાય છે.

વીતરાગી શાસ્ત્રો તો સર્વપ્રકારે જ્ઞાન અને રાગની ભિન્નતા બતાવીને ભેદજ્ઞાન કરાવે છે.–જેમાં શુદ્ધાત્માનું જ્ઞાન નથી ને રાગના પોષણનું પ્રતિપાદન છે,–એવા દુર્બુદ્ધિજીવોનાં કહેલાં આગમો તો મિથ્યાસમય છે. અરિહંત અને સિદ્ધ પરમાત્મા જેવો જ આ આત્મા સર્વજ્ઞસ્વભાવી છે, પોતે જ પરમાત્મા થઈ શકે છે–એમ જે ન બતાવે ને સદાય અધૂરો, દાસ, પામર કે પરાધીન જ મનાવે, રાગ વડે આત્મપ્રાપ્તિ થવાનું કહે. બીજાની સેવાથી મોક્ષ થવાનું કહે એટલે કે પરાશ્રયભાવને પોષે–તો તે જિનાગમ નથી, સાચા આગમ નથી, એ તો મિથ્યાત્વપોષક પરસમય છે; તેની શ્રદ્ધા છોડવાનો ઉપદેશ છે.

## વીતરાગનો ઉપદેશ વીતરાગતા માટે જ છે

અરે, વીતરાગદેવનો કહેલો શુદ્ધ ઉપદેશ કેવો હોય તેની પણ ઘણાને ખબર નથી, ને ભગવાનના ઉપદેશના નામે કેટલીયે ગરબડ ચાલી રહી છે. ભગવાનનો ઉપદેશ તો રાગથી વિરક્તિ કરાવીને જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા કરાવે છે, ને એ જ મોક્ષમાર્ગ છે. વીતરાગનો ઉપદેશ તો વીતરાગતા માટે જ હોયને! ઊંડે ઊંડે ક્યાંય પણ રાગના પોષણનો અભિપ્રાય રાખે તો તે જીવ વીતરાગઉપદેશને સમજ્યો નથી. ભાઈ! પોતાના હિત માટે સાચા આગમની ઓળખાણ કરવી જોઈએ. હિત માટેનો ક્યો ઉપદેશ છે, ને ક્યો તેનાથી વિરુદ્ધ ઉપદેશ છે–તેનો વિચાર કરીને સાચા ખોટાનો નિર્ણય કરવો જોઈએ. એમને એમ આંધળી દોડે મોક્ષનો માર્ગ હાથ ન આવે.

## રાગ વગરનો મોક્ષમાર્ગ...સ્વવીર્યથી સિદ્ધપદ

મોક્ષમાર્ગ કેવો છે?–કે જેવો સિદ્ધસ્વભાવ છે તેવો જ હું છું–એમ નિજ સ્વભાવને સાધીને, તેના શ્રદ્ધા–જ્ઞાન–આચરણવડે જીવ સર્વ કર્મબંધનને કાપીને મુક્ત થાય છે;– આવો મોક્ષમાર્ગ છે, પણ રાગવાળો મોક્ષમાર્ગ નથી. સાચા જ્ઞાન વડે જ

મોક્ષમાર્ગને સાધી શકાય છે. સાચા જ્ઞાનવાળો જીવ શું કરે ? કે મોક્ષના અનાયતન એવા કુદેવ–કુગુરુ–કુધર્મને છોડે, તથા તે કુદેવાદિને માનનારા એવા મિથ્યામતિજીવોનો સંગ પણ તે છોડે. અને વીતરાગી દેવ–ગુરુ–ધર્મને ઓળખીને તેમના કહેલા વીતરાગમાર્ગનું સેવન કરે. વીતરાગે કહેલા ચારે અનુયોગનો અભ્યાસ કરવા યોગ્ય છે; તે ચારે અનુયોગ વીતરાગતાના જ પોષક છે. સર્વજ્ઞસ્વભાવી આત્માના ભાન વિના અજ્ઞાનથી જે રાગ ક્રિયાઓ કરીને તેને ધર્મ માને છે તેમાં તો એકલા મિથ્યાભાવનું સેવન છે, એટલે એકલો અધર્મ છે. જ્ઞાનસ્વરૂપ ને આનંદસ્વરૂપ આત્મા જ્યાં ન જાણ્યો ત્યાં ધર્મ કેવો ? ને સુખ કેવું ?

**સ્વવીર્યથી સિદ્ધપદ.....( રાગ તે જાણવાની ચીજ છે. સાધવાની નહિ )**

સિદ્ધ ભગવાન જેવો સર્વજ્ઞસ્વભાવી મારો આત્મા છે–એમ જાણીને સાધકજીવ સ્વયં તે સ્વભાવના સાધન વડે જ સર્વજ્ઞપદને સાધે છે. અનંતચતુષ્ટય પ્રગટવાનું સાધન પોતાનો સ્વભાવ જ છે, રાગના સાધન વડે તે સધાતા નથી. રાગ તે જાણવાની ચીજ છે, તે સાધવાની ચીજ નથી; સાધવાની ચીજ તો જ્ઞાનસ્વભાવી આત્મા છે. સાધકના વીર્યની ગતિ પોતાના ચિદાનંદ સ્વભાવ તરફ છે. સ્વભાવ તરફના વીર્ય વડે સિદ્ધિની પ્રાપ્તિ થાય છે; સ્વભાવસન્મુખ શુદ્ધોપયોગના બળથી આત્મા ભાવસમુદ્રને તરીને લોકોગ્રે પહોંચે છે. આ રીતે સ્વવીર્ય જ તારણહાર છે; બીજું કોઈ તારણહાર નથી. આત્મ સ્વભાવના પુરુષાર્થ વડે અનંતા જીવો સંસારને તરીને સિદ્ધપદ પામ્યા છે. આવો પુરુષાર્થ તે સ્વવીર્ય છે. પુણ્ય–પાપ તરફનું વીર્ય તે ખરૂં સ્વવીર્ય નથી, તેના વડે કોઈ જીવો સંસારથી તર્યા નથી. શુદ્ધોપયોગરૂપ સ્વવીર્યથી સિદ્ધિ પમાય છે, શરીરના બળથી કે રાગના બળથી સિદ્ધિ પમાતી નથી.

સિદ્ધ ભગવાન પોતાના વીર્યથી સિદ્ધિ પામ્યા છે. આત્માનું સ્વવીર્ય જ તરણ–તારણ છે, તે પોતે જ પોતાને તારનાર છે; અને સિદ્ધને સાધનારૂં તે સ્વવીર્ય નિજાનંદ સહિત છે, હિતકારી છે, અનંત જ્ઞાન પરિણમન સહિત છે અને કોમલસ્વભાવરૂપ છે, શાંત છે. કોઈ બીજો તારણહાર નથી પણ આત્માનું સ્વસન્મુખ વીર્ય તે જ તારણહાર છે. વીર્ય હંમેશા જ્ઞાન–આનંદ સહિત છે.

જુઓ, આ તરવાનો ઉપાય ! વજ્રશરીર હો, પણ તે પરદ્રવ્ય છે, તે સિદ્ધિનું સાધન નથી; રાગ તો સિદ્ધિની પ્રાપ્તિ વખતે હોતો જ નથી, એટલે તે સિદ્ધિનું સાધન નથી, તે તો ઉલ્ટો સિદ્ધિમાં બાધક છે. સિદ્ધિનું સાધન તો અંતર્મુખી સ્વવીર્ય છે, તે આત્મવીર્ય જ તારણહાર છે; તે વીર્ય પોતામાં જ્ઞાન–આનંદની રચના કરનારું છે, પણ બીજાને રચે કે બીજાને તારે–એવું આત્મવીર્યનું કામ નથી. વીતરાગી દેવ–ગુરુ–વાણી તરવામાં નિમિત્તરૂપ છે પણ તે સ્વથી ભિન્ન છે, આ આત્માના શુદ્ધોપયોગની રચનાના કર્તા તે નથી. આત્મા પોતે જ સ્વવીર્ય વડે શુદ્ધોપયોગની રચના કરીને સિદ્ધિ પામે છે.

## મોક્ષમાં જવાનું સાથીદાર કોણ ?

આ મોક્ષના કારણરૂપ જે સ્વવીર્ય છે તે આનંદનું સહકારી છે, પણ રાગનું સહકારી નથી, રાગનું તો તે નાશક છે. આવું આત્મવીર્ય આત્માનું હિતકારી છે, ને અનંત ગુણોની નિર્મળતાની રચના કરવામાં તે સહકારી છે. જુઓ, આ મોક્ષનું સાથીદાર! મોક્ષ જવામાં સાથીદાર કોણ ? કે તારું આત્મવીર્ય તે જ તારું સાથીદાર છે; તે જ સગું ને સારથિ છે. સ્વમાં લીન થઈને અનંતગુણની નિર્મળ–પર્યાયને તે રચે છે, પણ રાગમાં તે લીન થતું નથી, રાગને રચતું નથી. આવું કોમળ–સહજ–સીધું સરળ વીર્ય તે કેવળજ્ઞાનની પ્રાપ્તિનું સાધન છે. આવા સાધન વડે સિદ્ધભગવંતોએ સિદ્ધપદને સાધ્યું છે. રાગ–દ્વેષ તે તો કઠોર છે, ને આ વીતરાગી સ્વવીર્ય કોમળ સ્વભાવી છે; કેવળજ્ઞાનનું સાથીદાર થઈને તે આત્માને ભવસાગરથી તારી લ્યે છે તેથી તે તરણ–તારણ છે. આ સ્વવીર્યના બળે આત્મા સદા આનંદમાં લીન રહે છે, તે સદાકાળ વિશ્વને જાણ્યા કરે તોપણ તેને થાક લાગતો નથી. સદાકાળ પોતાના કેવળજ્ઞાનાદિ સ્વભાવને રચ્યા કરે એવું વીર્યગુણનું સામર્થ્ય છે.

આ રીતે જ્ઞાન અને આનંદની જેમ શ્રદ્ધા–ચારિત્ર વગેરે સર્વે ગુણોના પરિણમનમાં વીર્યનું સહકારીપણું છે, પણ એક્કેય ગુણના નિર્મળ પરિણમનમાં રાગનું સહકારીપણું નથી. સાદિ–અનંતકાળસુધી કેવળજ્ઞાન અને અતીન્દ્રિય આનંદરૂપે પરિણમ્યા કરે છતાં આત્માનું વીર્ય એવી તાકાતવાળું છે કે તેને કદી જરાપણ થાક લાગતો નથી, સદાય એવો ને એવો તાજેતાજો રહે છે. એક સમયમાં અનંતા સ્વગુણની નિર્મળપર્યાયને રચે એવી આત્મવીર્યની તાકાત છે; રાગમાં એવી તાકાત નથી. આ રીતે રાગ અને સ્વવીર્ય ભિન્ન છે. અહો! જૈનતત્ત્વ અલૌકિક છે; એના સૂક્ષ્મ ન્યાયો સમજતાં અપૂર્વ ભેદજ્ઞાન થાય છે. આ કોઈ સાધારણ વાત નથી, પણ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંતદેવે જાણેલાં ને કહેલાં તત્ત્વો છે.

## જૈનધર્મના ચારે અનુયોગમાં આત્મશુદ્ધિનું જ તાત્પર્ય છે

આત્મહિતના હેતુએ શાસ્ત્રના ચારે અનુયોગનો અભ્યાસ કરવાનું કહ્યું છે; શુદ્ધ દ્રષ્ટિના ઉદ્યમપૂર્વક ગૃહસ્થ–શ્રાવકોએ ચારે અનુયોગનો અભ્યાસ કરવો. પ્રથમ કથાનુયોગમાં ૨૪ તીર્થંકર ભગવંતોનું તથા ગણધરાદિ મહાપુરુષોનું જીવન છે, તેમાં જીવને અધર્મની રુચિ છૂટે ને ધર્મની રુચિ વધે તેવી કથાઓ દ્વારા ઉપદેશ આપ્યો છે. દ્રવ્યાનુયોગમાં છદ્રવ્યોનું સ્વરૂપ બતાવીને તેમાં શુદ્ધાત્માનો મહિમા બતાવ્યો છે, તેના અનુભવની રીત બતાવી છે, નિશ્ચય–વ્યવહાર બંને બતાવીને નિશ્ચયસ્વરૂપમાં આરૂઢ થવાનું કહ્યું છે. ભગવાનની વાણીમાં ચારે અનુયોગ આવ્યા છે; જેને ચારે અનુયોગમાંથી કોઈની અરુચિ છે તેને અધ્યાત્મની રુચિ નથી. પં. ટોડરમલ્લજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં આઠમા અધ્યાયમાં ચારે અનુયોગના ઉપદેશ સંબંધી સરસ સ્પષ્ટીકરણ કર્યું છે.

ચારે અનુયોગ શાશ્વત છે; એટલે કે જેમ જગતમાં છ દ્રવ્યો સદાય છે, તીર્થંકરાદિ મહાપુરુષોની સદાય પરંપરા ચાલ્યા કરે છે, લોકરચના શાશ્વત છે, તેમ તેનું વર્ણન કરનારા શાસ્ત્રોની પરંપરા પણ જગતમાં અનાદિથી ચાલી આવે છે. જેમ તીર્થંકરો સદાય થતા આવે છે તેમ તેમની કથાઓ પણ સદાય પરંપરા ચાલી આવે છે–તીર્થંકરાદિના નામ વગેરે ફરે પણ તેમની કથા તો ચાલ્યા જ કરે છે. એ જ રીતે ત્રણલોકની રચના, તેમાં મહાવિદેહક્ષેત્ર, નંદીશ્વરદ્વીપ વગેરે અસંખ્યાત દ્વીપ–સમુદ્રની તથા સ્વર્ગ–નરકની શાશ્વત રચના છે. તેનું વર્ણન ત્રિલોકપ્રજ્ઞપ્તિ વગેરે કરણાનુયોગમાં આવે છે. જેમ તે વસ્તુઓ શાશ્વત છે તેમ તેનું વર્ણન કરનારા શાસ્ત્રો પણ સદાય હોય છે, ને તેનું જ્ઞાન કરનારા જીવો પણ સદાય હોય છે. (અર્થસમય, શબ્દસમય ને જ્ઞાનસમય ત્રણેની સંધિ છે) વિદ્વાનોએ વસ્તુસ્વરૂપ બતાવનારા આવા ચારે અનુયોગનો આત્મહિત–અર્થે અભ્યાસ કરવો; તેનું નામ જ્ઞાનપૂજા છે. ચારે અનુયોગના અભ્યાસ દ્વારા વસ્તુસ્વરૂપ સમજીને શુદ્ધાત્માનું ધ્યાન કરવું તે ઉપદેશનો સાર છે. કરણાનુયોગ દ્વારા પણ સ્વાત્મચિંતન કરીને સ્વરૂપ જ આરાધ્ય છે. षट्खंडागम વગેરે કરણાનુયોગમાં જીવના સૂક્ષ્મપરિણામો બતાવ્યા છે; તે સૂક્ષ્મપરિણામોના જ્ઞાન દ્વારા પોતાના પરિણામ શાંત કરીને વીતરાગસ્વરૂપમાં રમણતા કરવા–તે કરણાનુયોગના અભ્યાસનું સાચું ફળ છે. ચારે અનુયોગનું ફળ વીતરાગતા જ છે. જૈનશાસ્ત્ર વીતરાગતાને જ પોષે છે; એટલે કે આત્માનું શુદ્ધ સ્વરૂપ બતાવીને તેની દ્રષ્ટિ ને તેમાં એકાગ્રતાનો જ ઉપદેશ આપે છે. એ જ શુદ્ધ ઉપદેશનો સાર છે.

જુઓ, શાસ્ત્રોનો અભ્યાસ કેવા લક્ષે કરવો તે પણ આમાં આવ્યું. પંડિતાઈના માન ખાતર નહિ પણ પોતાના જ્ઞાનપ્રયોજનની સિદ્ધ માટે ચાર અનુયોગનો અભ્યાસ કરવો, તેમાંથી સ્વસ્વરૂપ નક્કી કરીને તેનું ચિંતન કરવું. સ્વસ્વરૂપને આરાધવું તે ચારે અનુયોગનો સાર છે. વીતરાગસ્વરૂપમાં ઉપયોગને જોડવાથી જ (શુદ્ધોપયોગથી જ) સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે. આ સિવાય બહારના સાધનોના જોડાણથી કે રાગથી સમ્યગ્દર્શનાદિ થતાં નથી. પોતાના અંતર્ સ્વભાવસમુદ્રમાં ડુબકી લગાવવાથી સમ્યગ્દર્શન ને પરમ આનંદની અનુભૂતિ થાય છે. તે જ આત્માનું નિશ્ચયપદ છે ને જ્ઞાનીવડે સ્વસંવેદ્ય છે. આ સિવાય બહારમાં–રાગમાં ગોથા લગાવ્યે કાંઈ હાથ આવે તેમ નથી.

વીતરાગી કરણાનુયોગમાં સર્વજ્ઞદેવે જે સૂક્ષ્મપરિણામોનું તથા ત્રણલોકની રચનાનું વર્ણન કર્યું છે તેવું બીજે ક્યાંય નથી–એમ કરણાનુયોગ દ્વારા પણ નિઃશંક થઈને મિથ્યાત્વાદિ શલ્ય છોડવા, સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર ઓળખી, મિથ્યાત્વાદિ શલ્ય છોડીને યથાર્થ વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ. શુદ્ધદ્રષ્ટિ, દ્રવ્યદ્રષ્ટિ, તે આત્માના પૂર્ણ સ્વરૂપને દેખનારી છે ને તેના વડે જ શુદ્ધ સમ્યગ્દર્શનનો લાભ થાય છે. આવા શુદ્ધ આત્માને લક્ષમાં રાખીને ચારે અનુયોગનું ચિન્તન કરવું જોઈએ. શુદ્ધદ્રષ્ટિ વગર શાસ્ત્રોનું સાચું રહસ્ય સમજાય નહીં.

ચારે અનુયોગનો અભ્યાસ કરવાનું કહ્યું છે, પરંતુ તે પ્રકારની બુદ્ધિની મંદતા વગેરે કારણથી કદાચ તેવો અભ્યાસ ન થઈ શકે, તો તેનો નિષેધ ન કરે પણ બહુમાન કરે; કેમકે ચારેય અનુયોગ તે વીતરાગી જિનવાણી છે; તેની અરુચિ કરનારને જિનવાણીની જ અરુચિ છે. અહીં તો તેનો અભ્યાસ કરવામાં પણ શુદ્ધાત્મચિન્તનની મુખ્યતા છે, તે ખાસ વાત છે. ચારે અનુયોગ ભણીભણીને ફળ શું કાઢવું ?–કે શુદ્ધાત્મમાં સન્મુખતા કરવી. જો શુદ્ધાત્મામાં સન્મુખતા ન કરી તો, શાસ્ત્રઅભ્યાસનું ખરું ફળ આવ્યું નથી એટલે તે ખરેખર શાસ્ત્ર ભણ્યો જ નથી; તેણે તો પોતાની કલ્પનાથી રાગ જ પોષ્યો છે. અહીં કહે છે કે ચરણાનુયોગ દ્વારા પણ ભગવાને ચૈતન્યસ્વભાવનો અનુભવ કરવાનું જ બતાવ્યું છે. રાગ અને રાગની ક્રિયાઓનું (અણુવ્રત–મહાવ્રતાદિનું) જ્ઞાન ભલે કરાવ્યું પણ મોક્ષને માટે તો તે રાગના આચરણથી ભિન્ન એવા ચૈતન્યસ્વભાવનો જ અનુભવ કરવાનું ઉપદેશ્યું છે. એવા અનુભવ વગરનો ચરણાનુયોગ સાચો હોય નહીં. શ્રાવકને કે મુનિને અંદર શુદ્ધાત્માની દ્રષ્ટિસહિત ભૂમિકાપ્રમાણે રાગાદિ હોય છે, પણ તે રાગમાં ધર્મબુદ્ધિ નથી, રાગમાં કર્તૃત્વબુદ્ધિરૂપ એકતાબુદ્ધિ નથી. જેને રાગમાં જ એકતાબુદ્ધિ છે, જે રાગને જ ધર્મ સમજી લ્યે છે તેને, રાગ વગરનાં ધર્મીનાં આચરણ કેવા હોય તેની ખબર નથી એટલે ધર્મીનાં ચરણાનુયોગને તે ઓળખતો નથી.

## સમયસાર.......ગ્રંથાધિરાજ

એવી રીતે દ્રવ્યાનુયોગ, તેમાં પણ દ્રવ્ય–ગુણ–પર્યાયના વર્ણનદ્વારા, જીવ–અજીવની ભિન્નતા સમજાવીને શુદ્ધાત્માની દ્રષ્ટિ કરાવી છે; તેનો અભ્યાસ કરવો,–પણ કઈ રીતે ? કે સ્વલક્ષે અભ્યાસ કરવો, જુઓ. આ શ્રાવકને માટે ઉપદેશ છે એટલે કે સમયસાર આદિ દ્રવ્યાનુયોગનો અભ્યાસ શ્રાવકોને પણ હોય છે. દ્રવ્યાનુયોગ કાંઈ એકલા મુનિઓને જ માટે નથી. અનાદિનો–અપ્રતિબદ્ધ કે જે દેહને જ આત્મા માને છે એવા મિથ્યાદ્રષ્ટિને સમયસાર દ્વારા સમજાવ્યો છે. ચારે અનુયોગમાં દ્રવ્યાનુયોગ તે સ્વાનુભવને માટે મુખ્ય છે ને તેમાં પણ અત્યારે સમયસાર મુખ્ય છે. તેનો અભ્યાસ બધાએ કરવો.

## જિનોપદેશ સ્વાનુભવ કરવા માટે છે; લોકરંજન માટે નહીં

સ્વાનુભવ કરાવનારો જે જિનોપદેશ, તેમાં ક્યાંય શંકા ન કરવી. જેને મિથ્યાત્વશલ્ય મટયું નથી, રાગની રુચિ ગઈ નથી તે જીવ જિનેન્દ્રના ઉપદેશમાં શંકા કરે છે. રાગનું અવલંબન છોડાવનારો જિનોપદેશ અજ્ઞાનીને રુચતો નથી કેમકે તેને રાગની મીઠાસ છે. અનંતા જીવ, અનંતા પરમાણુ, તેનાં દ્રવ્ય–ગુણ–પર્યાયો વગેરેને જાણીને ચિદાનંદસ્વભાવની રુચિ કરવી ને રાગની રુચિ છોડવી,–આવો જે વિતરાગી ઉપદેશ તેમાં અજ્ઞાની શંકા કરે છે; જિનવચનમાં શંકા કરનારો તે જીવ મિથ્યાત્વશલ્યને લીધે સંસારમાં રખડે છે. પોતાને રાગની રુચિનું શલ્ય છે એટલે વીતરાગી જિનવચન તેને રુચતાં નથી, ને રાગથી ધર્મ મનાવનારા કુગુરુઓનું શરણ લઈને તે

જીવ સંસારસમુદ્રમાં ડુબે છે. જિનરંજન છોડીને તે જનરંજનમાં લાગ્યો છે; એટલે રાગમાં ધર્મ મનાવનારા કુગુરુનાં વચન તેને મીઠાં લાગે છે–સમન્તભદ્ર સ્વામી કહે છે કે ભાઈ! પરમતોનાં રાગપોષક વચન ભલે તને મૃદુ અને મધુર લાગતાં હોય પણ એમાં કાંઈ નિજગુણની પ્રાપ્તિ નથી; નિજગુણ જે સમ્યગ્દર્શનાદિ અમૃત તેનાથી તો તે રહિત છે. ને મિથ્યાત્વરૂપી ઝેરનાં તે પોષક છે. વીતરાગનાં વચનો જ આત્મગુણની પ્રાપ્તિ કરાવનારાં છે–

**-વચનામૃત વીતરાગનાં પરમ શાંતરસમૂળ' ( શ્રીમદ્ રાજચંદ્ર )**

રાગથી ધર્મ મનાવે એ તો બધી લોકરંજનની રીત છે. વીતરાગી દેવનો ઉપદેશ તો આત્મરંજન માટે ( અર્થાત્ આત્માને રાજી કરવા માટે, આત્માનો અનુભવ કરવા માટે ) છે; એ કાંઈ લોકરંજન માટે નથી. લોકો માને યા ન માને પણ કાંઈ વીતરાગનો ઉપદેશ ફરે તેમ નથી. જગતમાં અનંતા આત્મા છે, દરેક ભિન્ન સ્વતંત્ર છે, ને અનંતા આત્મા સિદ્ધ થયા છે; તે સિદ્ધભગવાન જેવું જ દરેક આત્માનું સ્વરૂપ છે–એમ દ્રવ્યાનુયોગનાં શાસ્ત્રો ઓળખાવે છે, બહુમાનપૂર્વક આવા શાસ્ત્રોનું ચિંતન કરવું.

એક 'જિનોક્ત' ને બીજો 'જનોક્ત' એમ બે માર્ગ છે. જિનોક્ત માર્ગ તો વીતરાગ છે; અને જનોક્ત એવા લૌકિક માર્ગમાં બહારથી ધર્મ મનાવે છે તેમાં ઘણા લોકો લાગી જાય છે; એમાંય જો કોઈ રાજા કે પ્રધાન જેવા માણસ આવે તો લોકોનાં ટોળાં ગાડરિયા પ્રવાહની જેમ તેમાં દોડી જાય છે, જેમ ઘેટાનું ટોળું વગરવિચાર્યે એકની પાછળ બીજું ચાલ્યું જાય, તેમ લૌકિકજનો પોતાના હિતનો કંઈ પણ વિચાર કર્યા વગર કુમાર્ગમાં ચાલ્યા જાય છે.–બાપુ! એ તો 'જનરંજન' છે, તેમાં 'જિનરંજન' નથી. જેને આત્માની સાચી શ્રદ્ધાની ખબર નથી, ભેદજ્ઞાનની ખબર નથી, તે વીતરાગમાર્ગને ભૂલીને અજ્ઞાનને અનુમોદે છે. અજ્ઞાનીઓમાં બહારના ત્યાગ વગેરે દેખીને તેનો તેને મહિમા આવી જાય છે. પણ એમાં આત્માનું કોઈ હિત નથી. એ તો જનરંજનનો માર્ગ છે, એનાથી લોકો કદાચ રાજી થશે પણ તારો પોતાનો આત્મા એનાથી પ્રસન્ન નહિ થાય. ભાઈ! જગતને રૂડું દેખાડવા તેં અનંતકાળ ગાળ્યો પણ આત્માને રાજી કરવા તેં કદી દરકાર કરી નહિ, પરને સુખી કરી દઈએ, પરનો ઉદ્ધાર કરી દઈએ, દેશને સ્વતંત્ર કરી દઈએ, પૃથ્વી ઉપર સ્વર્ગ જેવું સુખ ઉતારી દઈએ–એવી વાતો સાંભળવી જગતને સારી લાગે છે, પણ બાપુ! એમાં તો તારું જરાય હિત નથી, પરની કર્તૃત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વનું ઝેર એમાં ભર્યું છે, એ તો જીવનું અહિત કરનાર છે. સર્વજ્ઞદેવે બતાવેલું અનેકાન્તમય વસ્તુસ્વરૂપ વીતરાગ છે, અમૃતની જેમ તે જીવનું પરમ હિત કરનાર છે, આવા જિનોક્ત શુદ્ધતત્ત્વને જે નથી સાધતો તે સદા અવ્રતી અને મિથ્યાત્વી જ છે. માટે શ્રીગુરુ કહે છે કે હે ભવ્ય! તું તારા આત્માના હિતને માટે આવા જિનોક્ત માર્ગને ઓળખીને શુદ્ધ તત્ત્વને લક્ષમાં લે.

# વીતરાગ-વિજ્ઞાન પ્રશ્નોતરી

**વીતરાગવિજ્ઞાન ભાગ-૧ એટલે કે છહ્ઢાળાના પ્રથમ અધ્યાયના પ્રવચનો, તેમાંથી દોહન કરીને અહીં ૨૦૦ પ્રશ્નો અને તેના ઉત્તર આપવામાં આવ્યા છે. ટૂંકી ભાષામાં ને સુગમ શૈલીમાં આ પ્રશ્ન-ઉત્તર સર્વે જિજ્ઞાસુઓને ગમશે, ને છહ્ઢાળાનો અભ્યાસ કરવામાં વિશેષ રસ જગાડશે.**

૧. જગતમાં કેટલા જીવો છે?...અનંત.

૨. જીવોને શું વહાલું છે?...સુખ.

૩. જીવો શેનાથી ભયભીત છે?...દુઃખથી.

૪. શ્રીગુરુ કેવો ઉપદેશ આપે છે?

જેનાથી સુખ થાય ને દુઃખ મટે એવો.

૫. સુખ શેનાથી થાય?...વીતરાગવિજ્ઞાનથી.

૬. વીતરાગવિજ્ઞાન કેવું છે?...ત્રણ જગતમાં સારરૂપ છે.

૭. કલ્યાણરૂપ કોણ છે?...વીતરાગવિજ્ઞાન

૮. પંચપરમેષ્ઠીનું પૂજ્યપણું શેને લીધે છે?

વીતરાગવિજ્ઞાનને લીધે.

૯. વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કઈ રીતે થાય?

રાગથી ભિન્ન આત્માની ઓળખાણ વડે.

૧૦. વીતરાગવિજ્ઞાનમાં શું સમાય છે?

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ તેમાં સમાય છે.

૧૧. 'વીતરાગવિજ્ઞાન' માં રત્નત્રય કઈ રીતે સમાય છે?

'વિજ્ઞાન' કહેતાં સમ્યગ્જ્ઞાનને સમ્યગ્દર્શન આવ્યા, ને 'વીતરાગ' કહેતાં સમ્યક્ચારિત્ર આવ્યું; આ રીતે રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ વીતરાગવિજ્ઞાનમાં સમાય છે.

૧૨. અહીં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા, અરિહંતને કેમ ન કર્યા?

વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરતાં તેમાં અરિહંતને નમસ્કાર આવી જાય છે; કેમકે અરિહંત વગેરે વીતરાગવિજ્ઞાનસ્વરૂપ છે. અરિહંતના ગુણને ઓળખીને નમસ્કાર કર્યા તેમાં અરિહંતને નમસ્કાર આવી જ ગયા.

૧૩. સંપૂર્ણ વીતરાગ–વિજ્ઞાન કોને છે?

અરિહંતોને અને સિદ્ધભગવંતોને.

૧૪. એકદેશ વીતરાગ–વિજ્ઞાન કોને છે?

# વીતરાગ વિજ્ઞાન




હે ભવ્ય તારા કલ્યાણને માટે આ હિતોપદેશ તું સાંભળ!

આચાર્ય–ઉપાધ્યાય–સાધુને, તેમજ સમ્યગ્દ્રષ્ટિ જીવોને.

૧૫. ધર્માત્માને શું જોઈએ છે?

ધર્માત્માને કેવળજ્ઞાન અને વીતરાગતા જોઈએ છે.

૧૬. યોગીજનો સદા કોને ધ્યાવે છે?

અનંત સુખધામ એવા નિજાત્માને.

૧૭. વીતરાગવિજ્ઞાનને જે વંદન કરે તે રાગને સારભૂત માને?

કદી ન માને.

૧૮. ગૃહસ્થને ચોથા ગુણસ્થાને વીતરાગવિજ્ઞાન હોય?

હા, અંશે હોય.

૧૯. મોક્ષનું કારણ કોણ?...વીતરાગવિજ્ઞાન.

૨૦. શુભરાગને મોક્ષનું કારણ કેમ ન કહ્યું?

કેમકે તે વીતરાગ–વિજ્ઞાનથી વિરુદ્ધ છે.

૨૧. વીતરાગવિજ્ઞાનની શરૂઆત ક્યાંથી થાય?

ચોથા ગુણસ્થાનથી.

૨૨. સાવધાની એટલે શું?

શુદ્ધસ્વભાવની સન્મુખતા; તે તરફનો ઉદ્યમ

૨૩. આત્માનું સ્વસંવેદન કેવું છે?

સ્વસંવેદન વીતરાગ છે.

૨૪. સાધકભૂમિકામાં રાગ તો હોય છે?

ભલે હો, પણ જે સ્વસંવેદન છે તે તો વીતરાગ જ છે.

૨૫. જે જીવ હિત ચાહતો હોય તેણે શું કરવાલાયક છે?

વીતરાગવિજ્ઞાન કરવાલાયક છે.

૨૬. જેણે વીતરાગવિજ્ઞાનને ઓળખીને નમસ્કાર કર્યા તેને શું થયું?

તેને પોતાની પર્યાયમાં પણ અંશે વીતરાગવિજ્ઞાન પ્રગટયું.

૨૭. ત્રણલોકનું દોણું વલોવીને સંતોએ તેમાંથી સાર શું કાઢયો ?

'तीन भुवनमें सार वीतरागविज्ञानता.'

૨૮. રાગથી ધર્મ માનવો તે કેવું છે? તે તો પાણીને વલોવવા જેવું નિઃસાર છે.

૨૯. બાહ્યદ્રષ્ટિજીવો શેમાં સંતુષ્ટ થઈ જાય છે?

તેઓ શુભરાગમાં જ સંતુષ્ટ થઈ જાય છે.

૩૦. જીવ ચારગતિમાં કેમ રખડયો ?

વીતરાગવિજ્ઞાનના અભાવને લીધે.

૩૧. ચારગતિ કઈ છે?

તિર્યંચ, નરક, મનુષ્ય, દેવ.

૩૨. ચારગતિ સિવાયની પાંચમી ગતિ કઈ ? મોક્ષ

૩૩. મોક્ષગતિ કેવી છે?...તે પરમસુખરૂપ છે.

૩૪. પરમસુખરૂપ મોક્ષદશા શેનાથી પમાય છે?

વીતરાગવિજ્ઞાનથી.

૩૫. દુઃખથી છૂટવા શ્રીગુરુ શેનો ઉપદેશ આપે છે?

વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો; એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને અંગીકાર કરવાનો ઉપદેશ આપે છે.

૩૬. તે ઉપદેશ કઈ રીતે સાંભળવો? પોતાના હિતને અર્થે ચિત્તને સ્થિર કરીને.

૩૭. જીવે શેનો સ્વાદ કદી નથી ચાખ્યો ? વીતરાગી પરમાનંદનો સ્વાદ કદી નથી ચાખ્યો.

૩૮. મનુષ્યગતિમાં કેટલા જીવો છે?

અસંખ્યાતા.

૩૯. નરકગતિમાં કેટલા જીવો છે?

અસંખ્યાતા.

૪૦. દેવગતિમાં કેટલા જીવો છે?

અસંખ્યાતા.

૪૧. તિર્યંચગતિમાં કેટલા જીવો છે?

અનંતા.

૪૨. ત્રસજીવો કેટલા છે?...અસંખ્યાતા.

૪૩. મોક્ષ પામેલા જીવો કેટલા છે?...અનંતા.

૪૪. જીવને દુઃખનું કારણ શું છે?

પોતાનો મિથ્યાત્વભાવ

૪૫. તે મિથ્યાત્વભાવ કેમ મટે?

સાચા ભેદજ્ઞાન વડે સમ્યગ્દર્શન પ્રગટ કરવાથી.

૪૬. સંતની પહેલી શિક્ષા શી છે?

તારા દોષે તને બંધન છે, માટે તે દોષ ટાળ.

૪૭. જીવનો મુખ્ય દોષ કયો છે?

દોષ એટલો કે પરને પોતાનું માનવું, ને પોતે પોતાને ભૂલી જવું.

૪૮. એકેન્દ્રિય જીવોને વિચારશક્તિ છે?

ના, તેનામાં જ્ઞાન છે, પણ મન કે વિચારશક્તિ નથી.

૪૯. ગુરુ એટલે કોણ ?

ગુરુ એટલે રત્નત્રયધારી દિગંબર સન્ત; અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપી ગુણોમાં જે મોટા તે ગુરુ.

૫૦. એવા ગુરુઓએ જગત પર શો ઉપકાર કર્યો છે?

વીતરાગવિજ્ઞાનરૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને શ્રીગુરુઓએ જગતના જીવો ઉપર મોટો ઉપકાર કર્યો છે.

૫૧. કુંદકુંદસ્વામીના ગુરુએ તેમને કેવો ઉપદેશ દીધો' તો?

'અમારા ગુરુઓએ અનુગ્રહપૂર્વક અમને શુદ્ધાત્માનો ઉપદેશ દીધો હતો'–એમ કુંદકુંદસ્વામી કહે છે.

૫૨. ઉપદેશવડે સન્તો શું દેખાડે છે?...

શુદ્ધાત્મા દેખાડે છે. શુદ્ધાત્માને કઈ રીતે જાણવો?...પોતાના સ્વાનુભવથી.

૫૩. ક્રિયાજડ કોણ છે?...

જે બાહ્યક્રિયામાં (જડની ક્રિયામાં) ધર્મ માને છે તે.

૫૪. શુષ્કજ્ઞાની કોણ છે?

જે મુખથી માત્ર વાતો કરે છે પણ મોહ છોડતો નથી તે.

૫૫. પોતાનું સ્વરૂપ ન સમજવાથી શું થયું?

જીવ અનંત દુઃખ પામ્યો.

૫૬. ધર્મોપદેશ મળવા છતાં જે ન સાંભળે તે કેવા છે?

આત્માની દરકાર વગરના.

૫૭. આ ઉપદેશ કોને માટે છે?

સંસારથી થાકીને આત્માની શાંતિ લેવા ચાહતા હોય એવા જિજ્ઞાસુને માટે.

૫૮. મુનિ કેવા છે?

રત્નત્રયના ધારક છે ને મોક્ષના સાધક છે.

૫૯. દુઃખથી છૂટીને સુખી થવાનું ક્યારે બની શકે?

વસ્તુમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા હોય ત્યારે.

૬૦. દુઃખ મટે ને સુખ થાય–તેમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવતા કઈ રીતે?

સુખનો ઉત્પાદ, દુઃખનો વ્યય, ને આત્મા સળંગ રહ્યો તે ધ્રુવતા.

૬૧. વીતરાગીસંતોએ કેવી શિખામણ આપી છે?

વીતરાગીસંતોએ વીતરાગતાની જ શિખામણ આપી છે.

૬૨. જીવને માટે ઇષ્ટઉપદેશ–હિતોપદેશ શું છે?

ભેદજ્ઞાન કરાવીને દુઃખથી છોડાવે ને સુખનો અનુભવ કરાવે તે.

૬૩. જૈનધર્મના ચારે અનુયોગમાં કેવો ઉપદેશ છે?

ચારે અનુયોગ વીતરાગવિજ્ઞાનના જ પોષક છે.

૬૪. શ્રીગુરુ આત્મહિતનો ઉપદેશ કોને સંભળાવે છે?

જેનામાં વિચારશક્તિ ખીલી છે ને સમજવાની જિજ્ઞાસા છે તેને.

૬૫. સંતોએ જગત ઉપર કઈ રીતે ઉપકાર કર્યો છે?

અહા! સંતોએ મોક્ષમાર્ગ સમજાવીને ઉપકાર કર્યો છે.

૬૬. જિનવાણી શેનો નાશ કરાવે છે?

મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રનો નાશ કરાવે છે.

૬૭. જિનવાણી શેની પ્રાપ્તિ કરાવે છે?

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પ્રાપ્તિ કરાવે છે.

૬૮. દરેક જીવનો સ્વભાવ કેવો છે?

જ્ઞાનરૂપ ને સુખરૂપ.

૬૯. છતાં તેને સુખ કેમ નથી?

સ્વભાવને ભૂલ્યો છે તેથી.

૭૦. એ ભૂલ ક્યારે મટે?

સ્વભાવની ઓળખાણ કરે ત્યારે.

૭૧. શરીર વગર આત્મા એકલો સુખી રહી શકે?

હા; દેહાતીત સિદ્ધભગવંતો પરમ સુખી છે.

૭૨. શરીર છોડીને ( મરીને ) પણ જીવો સુખી થવા કેમ ઈચ્છે છે?

કેમકે આત્મામાં દેહ વગર જ સુખ છે.

૭૩. તે સુખ ક્યારે અનુભવમાં આવે?

દેહથી ભિન્ન આત્માને પોતામાં દેખતાં જ અતીન્દ્રિયસુખ અનુભવાય છે.

૭૪. જીવને મોટો રોગ કયો છે?

મિથ્યાત્વ, અર્થાત્ ‘આત્મભ્રાંતિ સમ રોગ નહીં.’

૭૫. તે રોગ કેમ મટે?

ગુરુઉપદેશ અનુસાર વીતરાગવિજ્ઞાનનું સેવન કરવાથી.

૭૬. દુઃખની દવા શું?

આત્માના સુખનો અનુભવ–એ જ દુઃખ મટાડવાની એકમાત્ર દવા છે; બીજી કોઈ દવાથી દુઃખ મટતું નથી.

૭૭. અત્યારસુધી જીવે શું કર્યું?

મોહથી પોતાને ભૂલીને સંસારમાં ભટકયો...ને દુઃખી થયો.

૭૮. જીવ દુઃખી કેમ છે? પોતાની ભૂલથી.

૭૯. ભૂલ શું?...પોતે પોતાને ભૂલ્યો તે.

૮૦. તે ભૂલ કેવડી?

તે ભૂલ નાની નથી પણ સૌથી મોટી ભૂલ છે.

૮૧. ભૂલ ક્યારે ભાંગે? ને દુઃખ ક્યારે મટે?

આત્માની સાચી સમજણ કરતાં ભૂલ ભાંગે ને દુઃખ મટે.

૮૨. દુઃખ મટાડવા માટે અજ્ઞાની કેવા ઉપાય કરે છે?

અજ્ઞાનીજીવ બાહ્યસામગ્રીને દૂર કરવાના કે ટકાવી રાખવાના ઉપાય કરીને દુઃખ મટાડવા ને સુખી થવા ઈચ્છે છે, પણ એ બધા ઉપાય જૂઠા છે.

૮૩. તો સાચો ઉપાય શો છે?

સમ્યગ્દર્શનાદિ વડે મોહ દૂર થતાં સાચું સુખ થાય છે.

૮૪. જીવની બેવડી ભૂલ કઈ છે?

એક તો પોતે મોહ કરે છે, અને પાછો તે બીજા ઉપર ઢોળે છે.

૮૫. જીવ કેમ રખડયો?–પોતાની ભૂલથી.

૮૬. એ ભૂલ કેમ ટળે ?

સ્વ–પરનું ભેદજ્ઞાન કરે તો.

૮૭. જીવ શેનાથી હેરાન થાય છે ?

પોતાના અજ્ઞાનથી.

૮૮. કર્મો જીવને હેરાન કરે છે ?–ના.

૮૯. આત્માની સાચી સમજણ ક્યારે કરવી ?

અત્યારે જ; સાચી સમજણ માટે આ ઉત્તમ અવસર આવ્યો છે.

૯૦. મોહને લીધે જીવ શું કરે છે ?

પોતાનું ભાન ભૂલીને પરદ્રવ્યને પોતાનાં માને છે.

૯૧. અજ્ઞાનથી જીવ ક્યાં ભટક્યો ?

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીમાં બધે ભટક્યો.

૯૨. સિદ્ધનું સુખ ને નિગોદનું દુઃખ, એ બંને કેવાં છે ?

બંને વચનાતીત છે.

૯૩. દુઃખ સાતમી નરકમાં વધુ કે નિગોદમાં ?

નિગોદમાં.

૯૪. સંસારમાં જીવને દુર્લભ શું છે ? ને અપૂર્વ શું છે ?

પ્રથમ તો નિગોદમાંથી નીકળી ત્રસપણું પામવું દુર્લભ, ત્રસમાં પંચેન્દ્રિયપણું દુર્લભ, તેમાં સંજ્ઞીપણું દુર્લભ, તેમાં મનુષ્ય થવું દુર્લભ; મનુષ્યમાં આર્યક્ષેત્ર–જૈનકૂળ–પાંચેઇન્દ્રિયોની પૂર્ણતા–દીર્ધ આયુ મળવા દુર્લભ, ને તેમાં સાચા દેવ–ગુરુ મળવા દુર્લભ છે, આ બધું દુર્લભ હોવા છતાં પૂર્વે મળી ચૂક્યું છે. ત્યારપછી આત્માની રુચિ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે દુર્લભ અને અપૂર્વ છે. પછી મુનિદશારૂપ રત્નત્રયની પ્રાપ્તિ તો તેનાથીયે દુર્લભ છે. તેની અખંડ આરાધના કરીને કેવળજ્ઞાન પામવું તે સૌથી દુર્લભ ને અપૂર્વ છે.

૯૫. સંસારદશામાં ઝાઝો કાળ શેમાં વીત્યો ?

નિગોદમાં.

૯૬. નિગોદમાં ઘણું દુઃખ કેમ છે ?

કેમકે તે જીવોને પ્રચૂર ભાવકલંક છે, ઘણો મોહ છે.

૯૭. જીવે અનંત શરીરો ધારણ કરવા છતાં તે શરીરરૂપ થયો છે ?

ના, શરીરથી જુદો ઉપયોગરૂપ જ રહ્યો છે.

૯૮. ઈંડામાં જીવ છે ?

ઈંડામાં પંચેન્દ્રિયજીવ છે; તેનું ભક્ષણ એ માંસાહાર જ છે.

૯૯. જીવે શેનો ઉદ્યમ કરવા જેવું છે ?

બોધિ–રત્નત્રયની દુર્લભતા વિચારીને તેનો ઉદ્યમ કરવા જેવું છે.

૧૦૦. સિદ્ધદશા શેનાથી ભરેલી છે ?

આત્માના આનંદથી ભરેલી છે.

( વિશેષ આવતા અંકે )

# જ્ઞાયકસ્વભાવી આત્મા

**પરભાવોથી ભિન્ન એવા જ્ઞાયકસ્વભાવી આત્માનું સ્વરૂપ બતાવતાં ગુરુદેવ કહે છે કે અહો! જ્ઞાતાદ્રષ્ટાસ્વભાવરૂપી આંખ, તેમાં રાગના કર્તૃત્વરૂપી અગ્નિનો કણિયો કેમ સમાય! જ્ઞાનચક્ષુ રાગને કેમ કરે?**

* * *

અહીં જ્ઞાયકસ્વભાવી આત્મા પરનો ને રાગાદિનો અકર્તા–અભોક્તા છે–તે વાત સમજાવે છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે તે પોતાના જ્ઞાનભાવથી ભિન્ન અન્ય ભાવોનો કર્તા–ભોક્તા નથી. શરીર–મન–વાણી–કર્મ વગેરે જડ પદાર્થોને તો આત્મા કદી કરે નહીં ને તેને ભોગવે પણ નહીં. તેને હું કરું–હું ભોગવું એમ અજ્ઞાનથી જ જીવ માને છે, પણ તેને કરતો કે ભોગવતો નથી. પુણ્ય–પાપ જે તેનું સ્વરૂપ નથી તેને પણ જ્ઞાનભાવે આત્મા કરતો કે ભોગવતો નથી, માત્ર જાણે જ છે. સર્વવિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા તે પોતાથી ભિન્ન ભાવોનો કરનાર કે ભોગવનાર નથી, તે–રૂપે થનાર નથી. કર્મોની બંધ–મોક્ષરૂપ અવસ્થાનો કર્તા આત્મા નથી, આત્મા તો જ્ઞાતાભાવમાત્ર છે. તેનું જ્ઞાન પર પદાર્થોને તો કરતું–વેદતું નથી, ને વ્યવહારસંબંધી રાગાદિ વિકલ્પો તેને પણ તે કરતું–ભોગવતું નથી. આવા સહજ જ્ઞાનસ્વરૂપ આત્માને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લેવો તે ધર્મ છે. આવા આનંદમૂર્તિ આત્માના જ્ઞાનસ્વભાવમાં અકર્તા–અભોક્તાપણું ક્યા પ્રકારે છે તે અહીં વિશેષ સમજાવશે; તથા તેના ઉપશમાદિ પાંચ ભાવોમાંથી મોક્ષના કારણરૂપ ભાવો ક્યા છે તે પણ સમજાવશે.

અજ્ઞાનને લીધે જીવ ચાર ગતિમાં રખડીને દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખથી છૂટકારો કેમ થાય ને પરમ સુખનો અનુભવ કેમ પ્રગટે?–કે પોતાનો સાચો સ્વભાવ જાણ્યે–અનુભવ્યે સુખ પ્રગટે ને દુઃખથી મુક્તિ

થાય. રાગાદિ કાર્યોને તથા દેહાદિ પરનાં કાર્યોને પોતાનાં માનીને, અને પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને ભ્રમણાથી જીવ ચાર ગતિમાં ભ્રમી રહ્યો છે, તેનાથી છૂટવા જ્ઞાનસ્વભાવી આત્મા જેવો છે તેવો જાણવો જોઈએ. તે માટે વીતરાગી સંતોએ અલૌકિક રીતે તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

### જ્ઞાનચક્ષુના દૃષ્ટાન્તે આત્માના

### જ્ઞાયકસ્વભાવની સમજણ

આત્માનું સ્વરૂપ એવું નથી કે દેહાદિની ક્રિયાને કે કર્મના ઉદયાદિને કરે; જ્ઞાનસ્વરૂપ આત્મા વિશુદ્ધ જ્ઞાયકભાવમાત્ર છે, તેનું જ્ઞાન પરજ્ઞેયોને કરતું નથી કે ભોગવતું નથી. આંખનું દૃષ્ટાંત આપીને આચાર્યદેવ તે વાત સમજાવે છે–

જયમ નેત્ર તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમજ મોક્ષને. (૩૨૦)

જેમ નેત્ર એટલે કે આંખ, તે અગ્નિને દેખે છે પણ તેને તે કરતી નથી, ને અગ્નિને તે વેદતી પણ નથી, તેમ જ્ઞાન પણ આંખની માફક કર્મને કે રાગાદિને જાણે જ છે, પણ તેને પોતે કરતું કે વેદતું નથી. જ્ઞાનમાં વિકારનું કે જડનું વેદન નથી. દર્શન ને જ્ઞાન તે ભગવાન આત્માનાં ચક્ષુ છે; તે દર્શન–જ્ઞાનચક્ષુ શરીરને કે રાગાદિ વિકલ્પોને કરતા નથી. જેમ આંખ વડે અગ્નિ સળગે નહિ તેમ જ્ઞાનભાવ વડે પરનાં કે રાગનાં કામ થાય નહિ; જેમ સંધૂકણ એટલે કે બળતણ તે અગ્નિનું કર્તા છે, ને અગ્નિથી તપ્ત લોખંડનો ગોળો તે અગ્નિની ઉષ્ણતાનો વેદનાર છે, એ રીતે તેમને અગ્નિનું કર્તા–ભોક્તાપણું છે, પણ તે બંનેને જોનારી દૃષ્ટિ (આંખ) તે તો કાંઈ અગ્નિને કરતી કે ભોગવતી નથી. આંખ જો અગ્નિને વેદે તો પોતે દાઝી જાય. તેમ શુદ્ધ જ્ઞાન પણ રાગાદિ ભાવોને કે કર્મની બંધ–મુક્ત અવસ્થાને કરતું કે વેદતું નથી, એટલે કે અકર્તા ને અભોક્તા છે.

અહીં ‘શુદ્ધજ્ઞાન’ ને જેમ અકર્તા ને અભોક્તા કહ્યું તેમ અભેદદૃષ્ટિથી કહીએ તો શુદ્ધજ્ઞાન’ પરિણતિરૂપે પરિણમેલો જીવ’ તે પણ રાગાદિનો અકર્તા ને અભોક્તા છે, તે પોતે શુદ્ધ ઉપાદાનરૂપે તેને કરતો

ભોગવતો નથી. શુદ્ધજ્ઞાનપરિણત ધર્મીજીવ તે કર્મનો કે વિકારનો કર્તા નથી, ભોક્તા નથી; તેમાં તન્મય થઈને પોતે તે–રૂપે પરિણમતો નથી. પણ દૃષ્ટિની માફક જ્ઞાતા જ રહે છે. આવા જ્ઞાનભાવરૂપ પરિણમન તે ધર્મ છે. શુદ્ધજીવ શુદ્ધઉપાદાનરૂપ થઈને અશુદ્ધ એવા રાગાદિ વ્યવહારભાવોને કરતો નથી. શુદ્ધજ્ઞાનરૂપ પરિણમેલો જ્ઞાનીજીવ અશુદ્ધભાવમાં તન્મય થતો નથી, એટલે તેને કરતો કે ભોગવતો નથી. આ રીતે અકર્તા–અભોક્તા એવું શુદ્ધસ્વરૂપ સમજતાં આત્માને ધર્મ થાય છે. આવું સ્વરૂપ સમજી પોતાના જ્ઞાતાદૃષ્ટાસ્વભાવની સન્મુખ થઈને રાગાદિના અકર્તા–ભોક્તાપણે પરિણમવું, તે વીતરાગદેવે કહેલો મોક્ષમાર્ગ છે.

અહો, જ્ઞાતાદૃષ્ટાસ્વભાવરૂપી આંખ, તેમાં રાગના કર્તૃત્વરૂપી અગ્નિનો કણિયો સમાય તેમ નથી; શું આંખમાં તણખો સમાય? ન સમાય. શુભ–અશુભ રાગ તે તો આગસમાન છે, તે જ્ઞાનચક્ષુમાં કેમ સમાય? જ્ઞાનચક્ષુ તેને કેમ કરે? ને તેને કેમ ભોગવે? તે તો તેનાથી ભિન્ન રહીને તેને માત્ર જાણે છે.

જેમ સંધૂકણ વડે અગ્નિ સળગાવવાની ક્રિયા આંખ નથી કરતી, આંખ તો તેને જાણે જ છે, તેમ જ્ઞેયપદાર્થોની ક્રિયાને આત્મા કરતો નથી, તે તો તેને જાણે જ છે; પુણ્ય–પાપ પણ જ્ઞાનનું જ્ઞેય છે. જ્ઞાન તેને જાણે જ છે પણ તેને કરતું નથી. જો જ્ઞાન પોતે પુણ્ય–પાપને કરે તો જ્ઞાન પોતે પુણ્ય–પાપ થઈ જાય. જુદું ન રહે;–જેમ અગ્નિને આંખ પોતે સળગાવે તો આંખ પણ સળગી જાય. જેમ જ્ઞાનસ્વભાવી આત્મા પરનો કે રાગાદિનો કર્તા નથી તેમ તે તેનો ભોક્તા પણ નથી. આવો એનો સ્વભાવ છે. આવા આત્મસ્વભાવને શ્રદ્ધા–જ્ઞાન–અનુભવમાં લેવો તે મોક્ષનું કારણ છે.

આ બહારની આંખ દેખાય છે તે તો પુદ્‌ગલની રચના છે; આત્મા તો જ્ઞાનનેત્રવાળો છે. નેત્ર પોતાથી બહારની વસ્તુઓને આઘીપાછી કરતું નથી, તેમ જગતનો દૃષ્ટા એવો આત્મા દૃશ્ય પદાર્થોમાં કોઈને આઘુંપાછું કરતો નથી, પોતે પોતામાં રહીને વિશ્વને દેખે જ છે. રાગ પણ જ્ઞાનથી ભિન્ન વસ્તુ છે, બંનેનું સ્વરૂપ જુદું છે; જો જુદું ન હોય

તો જ્ઞાનની જેમ રાગ વગર આત્મા જીવી શકે નહીં; પણ સિદ્ધભગવંતો સદાય રાગ વગર જ ચૈતન્યપ્રાણથી જીવે છે. માટે રાગ અને જ્ઞાન એક વસ્તુ નથી; તેથી રાગનું કાર્ય જ્ઞાનમાં નથી; જ્ઞાન રાગનું કર્તા નથી.

## પોતાનું સ્વરૂપ સૂઝ પડે તેવું છે

અહો, આ તો ભેદજ્ઞાન કરીને આત્માનો સ્વભાવ દેખાડે છે. ભાઈ, તારે તારા આત્માને આ ભવભ્રમણથી છોડાવવા માટેની રીત સંતો તને સમજાવે છે. તારા ચૈતન્યસ્વરૂપને ભૂલીને, પરના કર્તૃત્વની મિથ્યાબુદ્ધિથી તું અનંતકાળ દુઃખી થયો, તેનાથી હવે છૂટવા માટે આ તારા સાચા સ્વરૂપની વાત છે. આ પોતાનું સ્વરૂપ છે–એટલે સૂઝ ન પડે એવું નથી. અભ્યાસ ન હોય એટલે અઘરું લાગે પણ રુચિપૂર્વક પ્રયત્ન કરતાં બધી સૂઝ પડે તેવું છે. પોતાનું સ્વરૂપ પોતાને કેમ ન સમજાય ?

## આત્મા કેવો છે ? અરિહંતોનો અપૂર્વ માર્ગ !

તારો આત્મા કેવો છે ?–શાંત–શીતલ અકષાયસ્વરૂપ જ્ઞાતાદ્રષ્ટા આત્મા છે. શાંતરસથી ભરેલું જ્ઞાન, તે કષાયોનું અકર્તા–અભોક્તા જ છે. આત્માનો દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ આવો છે જ, ને તેનું ભાન થતાં જે શુદ્ધ જ્ઞાનપર્યાય પ્રગટીને આત્મા સાથે અભેદ થઈ તે પર્યાયમાં પણ રાગાદિનું કર્તા–ભોક્તાપણું નથી. રાગની શુભવૃત્તિ ઊઠે તેનું કર્તાભોક્તાપણું જ્ઞાનીના જ્ઞાનમાં નથી, કેમકે તે શુભવૃત્તિ સાથે તેનું જ્ઞાન એકમેક થતું નથી પણ જુદું જ પરિણમે છે, અરે, રાગ તો જ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે, રાગમાં તો આકુળતારૂપ અગ્નિ છે, તે જ્ઞાન તો શાંતરસમાં તરબોળ છે; જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગવડે મોક્ષમાર્ગ થવાનું માનવું તે તો દુશ્મન વડે લાભ માનવા જેવું છે. ભાઈ, રાગમાં જ્ઞાન કદી તન્મય થતું નથી, તો તે જ્ઞાન રાગનું સાધન કેમ થાય? ને રાગને તે પોતાનું સાધન કેમ બનાવે? અહો, અરિહંતોનો અપૂર્વ માર્ગ છે, તેમાં રાગની અપેક્ષા જ ક્યાં છે? એકલા અંતરસ્વભાવનો માર્ગ...બીજા બધાયથી નિરપેક્ષ છે.

સંધૂકણ ( બળતણ ) જેમ અગ્નિને કરે છે તેમ આંખ કાંઈ તેને

કરતી નથી, આંખ તો દેખે જ છે. અગ્નિની મોટી લોને જોતાં આંખ ઊની થઈ જતી નથી. અહીં બહારની આંખનું દ્રષ્ટાંત આપીને અંતરનો જ્ઞાનસ્વભાવ સમજાવવો છે; સિદ્ધાન્ત સમજી લ્યે તેને માટે દ્રષ્ટાંત કહેવાય, પણ દાખલાને જ પકડીને અટકી જાય તો એકલા દાખલાથી કાંઈ પાર પડે તેવું નથી; અંદરની વસ્તુને લક્ષમાં લ્યે ત્યારે જ સાચો ખ્યાલ આવે. આમ તો જગતમાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કરતું નથી, પણ અહીં તો અત્યારે આત્માના જ્ઞાયકસ્વભાવની વાત સમજાવવી છે. જેમ આંખ બહારના પદાર્થોથી દૂર રહીને દેખે છે પણ તેને કરતી નથી; તેમ આત્માના જ્ઞાનસ્વભાવથી રાગ દૂર છે–ભિન્ન છે–અન્ય છે. તે રાગને કે–શરીરાદિ ક્રિયાને કરે એવું આત્માના જ્ઞાનમાં નથી. અજ્ઞાનમાં રાગાદિનું કર્તૃત્વ છે, પણ પરનું કર્તૃત્વ તો અજ્ઞાનમાંય નથી. અજ્ઞાની મિથ્યાબુદ્ધિથી (શકટનો ભાર જેમ શ્વાન ખેંચે–તેમ) પરનું કર્તૃત્વ માને છે. પણ બાપુ! આંખની જેમ જ્ઞાન જગતને જાણે ખરું પણ જગતનાં કામને કરે નહિ; આંખથી અગ્નિ સળગાવાય નહિ તેમ આત્માથી જગતનાં કામ થાય નહિ.

જગતના બધાય પદાર્થો સ્વતંત્ર પોતપોતાની શક્તિરૂપ ઐશ્વર્યવાળા ઈશ્વર છે, તે પોતે પોતાનાં કામ કરનાર છે, તેના અધિકારમાં વચ્ચે બીજો કોઈ ભ્રમણાથી તેનો ઈશ્વર થવા જાય–એટલે કે તેનો કર્તા થવાનું માને તો તે મિથ્યાત્વરૂપ ભ્રમણાથી તે પોતે દુઃખી થાય છે. અજ્ઞાની પોતામાં ભ્રમણા ભલે કરે છતાં પરનાં કામ કરી તો શક્તો નથી. અરે, તું જ્ઞાન! જ્ઞાનમાં તો જડનાં કે રાગનાં કામ કેમ હોય? અહીં તો હજી જીવમાં પણ એના પાંચ ભાવોનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવશે, ને તેમાંથી મોક્ષનું કારણ કયો ભાવ છે તે બતાવશે.

## * પરભાવને કરે તે 'સાચો આત્મા' નહિ *

ભાઈ, આવા તારા સત્ય સ્વરૂપને તું જાણ! તારું સાચું સ્વરૂપ તો જ્ઞાનમય છે, રાગમાં કાંઈ તારુ સતપણું નથી. રાગથી લાભ માનવા જઈશ તો તારા સત્‌માં છેતરાઈ જઈશ. તારા સત્‌માં તો જ્ઞાન–આનંદ ભર્યા છે, જાણવારૂપ જ્ઞાનભાવમાં તારી સત્તા છે. અનંત ગુણોથી અભેદ

તારો આત્મા, તે જ્યાં ગુણભેદના વિકલ્પ વડેય અનુભવમાં નથી આવતો, ત્યાં રાગાદિનું કર્તાભોક્તાપણું તેના અનુભવમાં કેવું ? ઠંડી બરફની પાટ જેવી જે શીતળ ચૈતન્યશિલા, તેમાંથી રાગાદિ વિકલ્પોરૂપી અગ્નિ કેમ નીકળે ? જેમાં જે તન્મય હોય તેને જ તે કરી કે ભોગવી શકે. પણ જેનાથી જે ભિન્ન હોય તે તેને કરી કે વેદી શકે નહિ. જ્ઞાન સિવાય બીજા ભાવને કરે કે વેદે તે સાચો આત્મા નહિ, રાગાદિ પરભાવોનું કર્તૃત્વ દેખનારને સાચો આત્મા દેખાતો નથી. દ્રવ્યસ્વભાવમાં રાગ–દ્વેષાદિ નથી એટલે તે સ્વભાવને જોનારી જ્ઞાનદૃષ્ટિમાં પણ રાગદ્વેષનું–કર્તાભોક્તાપણું નથી. રાગદ્વેષની ઉત્પત્તિ જ્ઞાનમાંથી થતી નથી. રાગ અને જ્ઞાન ત્રિકાળ ભિન્ન છે–આવું અપૂર્વ ભેદજ્ઞાન તે આનંદથી ભરેલું છે ને તે જન્મ–મરણના અંતનો ઉપાય છે.

## * જ્ઞાનચેતનારૂપે પરિણમતા જ્ઞાની મુક્ત છે *

ભાઈ, તું જ્ઞાન છો; તારો જ્ઞાનસ્વભાવ કેવો છે તેને તું ઓળખ. 'સર્વવિશુદ્ધજ્ઞાન' એટલે રાગાદિ વગરનું શુદ્ધ જ્ઞાન, તેનું સ્વરૂપ સમજાવતાં આચાર્યદેવે કહ્યું કે આત્મા જ્યાંસુધી રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરતો નથી, ને અજ્ઞાનભાવથી કર્મ તથા કર્મફળના કર્તા–ભોક્તાપણામાં લીન વર્તે છે ત્યાંસુધી તે મિથ્યાદૃષ્ટિ–સંસારી છે. અને જ્યારે ભેદજ્ઞાન કરીને જ્ઞાયક–દર્શકભાવરૂપે પરિણમે છે, ત્યારે તે 'મુક્ત' છે, તે કર્મને કે તેના ફળને કરતો–ભોગવતો નથી; કર્મચેતના કે કર્મફળચેતના એ બંનેથી રહિત એવી પોતાની જ્ઞાનચેતનારૂપે પરિણમે છે. જ્ઞાનચેતના કહો કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર કહો, તે–રૂપે જે જીવ પરિણમ્યો તે મુક્ત જ છે. પરભાવોનું કર્તા–ભોક્તાપણું અજ્ઞાનમાં હતું, જ્ઞાનમાં તેનો અભાવ છે. આચાર્યદેવ કહે છે કે–આમ જાણીને હે જીવો! હે આત્મબુદ્ધિવાળા પ્રવીણ પુરુષો! તમે અજ્ઞાનીપણાને છોડો, ને શુદ્ધ એક આત્મામય જ્ઞાનતેજમાં નિશ્ચલ થઈને જ્ઞાનીપણાને સેવો.

જ્ઞાનીની 'જ્ઞાનચેતના' નું સ્વરૂપ કોઈ અદ્ભુત છે! તે કર્મચેતનાથી રહિત હોવાથી અકર્તા છે, ને કર્મફળચેતનાથી રહિત હોવાથી અભોક્તા

છે. આ રીતે જ્ઞાનચેતનાવંત જ્ઞાની કર્મને કરતા કે ભોગવતા નથી. એકલી જ્ઞાનચેતનામય હોવાથી તે કેવળ જ્ઞાતા જ છે, એટલે શુભ–અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે. આ રીતે જ્ઞાનસ્વભાવમાં જ નિશ્ચલ હોવાથી 'स हि मुक्त एव.'

એ પ્રમાણે જ્ઞાનીની જ્ઞાનચેતનામાં કર્મનું અકર્તાપણું ને અવેદકપણું બતાવીને આ ૩૨૦ મી ગાથામાં તે વાત દ્રષ્ટાંતપૂર્વક સમજાવે છે. 'જ્ઞાનનું' સ્વરૂપ સમજાવવા આચાર્યદેવે દ્રષ્ટિનું દ્રષ્ટાંત આપ્યું. જેમ દ્રષ્ટિ એટલે કે આંખ બાહ્યપદાર્થોને કરતી–ભોગવતી નથી; જેમ અગ્નિના સંસર્ગમાં રહેલો લોખંડનો ગોળો પોતે ઉષ્ણ થઈને અગ્નિની ઉષ્ણતાને અનુભવે છે (એટલે કે પોતે ઉષ્ણ થાય છે) પણ તેને જોનારી દ્રષ્ટિ (આંખ) કાંઈ ઊની થતી નથી, કેમકે તેને અગ્નિ સાથે સંસર્ગ નથી–એકતા નથી; આ સૌને દેખાય એવું દ્રષ્ટાંત છે. તેમ–(આંખની માફક) શુદ્ધજ્ઞાન પણ કાંઈ પરદ્રવ્યને કે રાગાદિને ભોગવતું નથી, તે જ્ઞાન રાગના સંસર્ગ વગરનું છે. 'શુદ્ધજ્ઞાન' એટલે અભેદનયથી તે શુદ્ધજ્ઞાનપરિણતિરૂપે પરિણમેલો જીવ, તે જાણનાર જ છે, કર્મોનો કર્તા–ભોક્તા નથી. અને જ્યાં કર્મોનો કર્તા–ભોક્તા નથી ત્યાં તેને બંધન પણ ક્યાંથી થાય? માટે મુક્ત જ છે–'स हि मुक्त एव'

## * ચૈતન્યચક્ષુ તે જ આત્માની આંખ છે... તેનાથી જીવની શોભા છે *

જેમ આંખ પરથી છૂટી છે તેમ જ્ઞાન પરથી છૂટું છે. જેમ આંખ તેમ જ્ઞાન પરને દેખે, પણ તેને કરે કે ભોગવે નહિ. પદાર્થને દેખનારી આંખ તેને દૂર કે નજીક કરતી નથી; સોનું દેખાય માટે તેને નજીક લાવવું કે કોલસો દેખાય તેને દૂર કરવો–એ કામ આંખનું નથી, આંખનું કામ બંનેને જોવાનું જ છે; તેમ આત્માનું જ્ઞાનચક્ષુ પરદ્રવ્યને મેળવે નહિ, છોડે નહિ, માત્ર જાણે. અમુક વસ્તુને દેખતાં જ્ઞાન રાજી (રાગી) થાય ને અમુક વસ્તુને દેખતાં જ્ઞાન નારાજ (દ્વેષી) થાય એવું જ્ઞાનમાં નથી, એટલે તે રાગ–દ્વેષનું કર્તા નથી. અને જેમ કર્તા નથી તેમ તેના ફળનું ભોક્તા પણ નથી. આવા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેને ઓળખીને અનુભવવો તે ધર્મ છે.

અહો, પોતાનું જ્ઞાનચક્ષુ કેવું છે એની પણ જીવને ખબર નથી. ભાઈ, પરવસ્તુ તો તારા જ્ઞાનથી બહાર છે, એને કાંઈ જ્ઞાન ન મેળવે. જેમ આંખ કાંઈ બહારના પદાર્થોને દેખતાં તેમને પોતામાં ઘૂસાડી દેતી નથી, તેમ બહારના જ્ઞેય પદાર્થોને જાણનારું જ્ઞાન કાંઈ તે પદાર્થોને પોતામાં ઘૂસાડી દેતું નથી. પદાર્થો જ્ઞાનમાં પ્રવેશતા નથી, જ્ઞાનથી બહાર જુદા જ રહે છે. જ્ઞાનના અનુભવમાં તો આનંદ વગેરે પોતાના અનંત ગુણનો રસ સમાય છે. પણ પરદ્રવ્યો કે રાગ તેમાં સમાતા નથી. ભગવાન આત્માનું આવું જ્ઞાનસ્વરૂપ આ ગાથામાં સમજાવ્યું છે.

જેમ આંખ છે તો શરીરની શોભા છે, તેમ ભગવાન આત્માની શોભા ચૈતન્ય–આંખ વડે છે; ચૈતન્યચક્ષુ તે જ આત્માની આંખ છે. તે આંખ વડે આત્મા કદી રાગાદિને કરતો–ભોગવતો નથી. કર્મને બાંધવા–છોડવાનો તેનો સ્વભાવ નથી. આવી શુદ્ધ જ્ઞાનપર્યાયરૂપે પરિણમેલો સમ્યગ્દ્રષ્ટિ આત્મા (ભલે ચોથા ગુણસ્થાને હોય તોપણ) રાગાદિનો કે દેહ–મન–વાણીની કોઈ ક્રિયાનો કર્તા નથી. આત્મા તો પોતાની જ્ઞાનચેતના સાથે અભેદ થઈને પરિણમ્યો ત્યાં કર્મચેતનાનું કર્તૃત્વ ક્યાં રહે? સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનચેતનારૂપે જ પરિણમે છે. રાગાદિને જાણે ભલે, પણ તે રૂપે થઈને–તન્મય થઈને પરિણમતા નથી. અને તન્મય થતા નથી માટે તેના કર્તા–ભોક્તા નથી. આવી જ્ઞાનચેતનારૂપ ચક્ષુ વડે જીવ શોભે છે.

('જ્ઞાનચક્ષુ' પુસ્તકમાંથી
એક પ્રકરણઃ પુસ્તક છપાય છે.)

## સિનેમા જોનારને...

અરે ભાઈ! ચૈતન્યભગવાનને જોવાનો અવસર મુકીને તું ફિલમ જોવામાં ક્યાં વળગ્યો? એમાં તો પાપનાં નાચ–નખરાં છે; ને આ ચૈતન્યની નિર્મળ પર્યાયનું નાટક (પરિણમન) તો કોઈ અલૌકિક શાંતિ ને આનંદ દેનારું છે. લૌકિક ફિલમ એ તો પૈસા આપીને પાપ લેવાજેવું છે. તારા આત્મામાં અંદર અનંત ગુણનું સીનેમા (દ્રશ્ય) કેવું છે તે તો જો. ભગવાન આત્માને ટગ ટગ જોવાનો આ અવસર છે.

(પ્રવચનમાંથી)

## 卐 પં. બુધજનરચિત છહઢાળા 卐 -પ્રથમ ઢાલ-

(સોરઠા)

સર્વ દ્રવ્યમેં સાર આતમકો હિતકાર હૈ,
નમોં તાહિ ચિત્તધાર નિત્ય નિરંજન જાનકે.

(પં. બુધજનજીએ આ પહેલી ઢાળમાં ૧૨ ગાથા દ્વારા બાર ભાવના વર્ણવી છે, ને પં. દૌલતરામજીએ બારભાવનાનું વર્ણન પાંચમી ઢાળમાં કર્યું છે, દૌલતરામજીએ પહેલી ઢાળમાં જે સંસારદુઃખવર્ણન કર્યું છે તે વર્ણન બુધજનજીની બીજી ઢાળમાં છે.)

(ચૌપાઈ)

આયુ ઘટે તેરી દિનરાત, હો નિશ્ચિન્ત રહો ક્યોં ભ્રાત।
યૌવન-તન-ધન-કિંકર-નારિ, હૈં સબ જલબુદબુદ ઉનહારિ।। ૧।।
પૂરે આયુ બઢે ક્ષણ નાહિં, દિયેં કોટિ ધન તીરથ માહિં।
ઇન્દ્ર-ચક્રપતિ ભી ક્યા કરેં, આયુ અન્તપર તે ભી મરેં।। ૨।।
યોં સંસાર અસાર મહાન, સાર આપમેં આપા જાન।
સુખસે દુઃખ દુઃખસે સુખ હોય, સમતા ચારોં ગતિ નહિ કોય।। ૩।।
અનંતકાલ ગતિગતિ દુઃખ લહ્યો, બાકી કાલ અનંતા કહો।
સદા અકેલા ચેતન એક, તોમાંહી ગુણ બસત અનેક।। ૪।।
તૂ ન કિસીકા તેરા ન કોઈ, તેરા દુઃખ-સુખ તોકો હોઈ।
યાસે તુઝકો તૂ ઉર ધાર, પરદ્રવ્યોંસે મોહ નિવાર।। ૫।।
હાડ-માંસ-તન લપટા ચામ, રુધિર મૂત્ર-મલ પૂરિત ધામ।
સોભી થિર ન રહે ક્ષય હોઈ, યાકો તજે મિલે શિવ લોઈ।। ૬।।
હિત-અનહિત તનકુલજનમાહિં, ખોટી બાનિ હરો ક્યોં નાહિં।
યાસે પુદગલકર્મ નિયોગ, પ્રણમે દાયક સુખ દુઃખ રોગ।। ૭।।
પાંચો ઇન્દ્રિનકા તજ ફૈલ, ચિત્તનિરોધ લાગ શિવગૈલ।
તુઝમેં તેરી તૂ કર સૈલ, રહો કહા હો કોલ્હૂબેલ।। ૮।।
તજ કષાય મનકી ચલ ચાલ, ધ્યાવો અપના રૂપ રસાલ।
ઝંડે કર્મબંધન દુઃખદાન, બહુરિ પ્રકાશે કેવલજ્ઞાન।। ૯।।
તેરા જન્મ હુઆ નહીં જહાં, ઐસા કોઈ ક્ષેત્ર સો કહાં।
યાહી જન્મભૂમિ કા રચો, ચલો નિકલ તો વિધિસે બચો।। ૧૦।।
સબ વ્યવહારક્રિયાકા જ્ઞાન, ભયો અનંત વાર પ્રધાન।
નિપટ કઠિન અપની પહિચાન, તાકો પાવત હોય કલ્યાણ।। ૧૧।।
ધર્મ સ્વભાવ આપ શ્રદ્ધાન, ધર્મ ન શીલ ન ન્હૌન ન દાન।
બુધજન ગુરુકી શીખ વિચાર, ગ્રહો ધર્મ આપન નિર્ધાર।। ૧૨।।

## પં. બુધજનરચિત પ્રથમ ઢાલનો ભાવાર્થ

સર્વે દ્રવ્યોમાં જે સાર છે, આત્માને હિતકાર છે એવા નિત્ય–નિરંજન સ્વરૂપને જાણીને, અને તેને ચિત્તમાં ધારીને નમસ્કાર કરું છું.

(એ પ્રમાણે મંગલાચરણ કરીને પછી બાર પદ દ્વારા અનુક્રમે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને સંસાર એ બાર ભાવનાનું કથન કર્યું છે.)

(૧) હે ભાઈ! તારું આયુષ્ય દિનરાત ઘટતું જાય છે, છતાં તું નિશ્ચિંત કેમ થઈ રહ્યો છે? આ યુવાની, શરીર, લક્ષ્મી, સેવક કે સ્ત્રી–એ તો બધા પાણીના પરપોટા જેવા ક્ષણભંગુર છે. (અનિત્યભાવના)

(૨) આયુષ્ય પૂરું થતાં એક ક્ષણ પણ વધતું નથી,–ભલે કરોડો રૂપિયા તીર્થમાં દાન કરો. ઇન્દ્ર કે ચક્રવર્તી પણ શું કરે?–આયુષ્ય પૂર્ણ થતાં તે પણ મરે છે.(અશરણ ભાવના)

(૩) એ પ્રમાણે સંસાર અત્યંત અસાર છે; તેમાં પોતાનો આત્મા જ સાર છે. સંસારમાં સુખ પછી દુઃખ, ને દુઃખ પછી સુખ થયા જ કરે છે, ચાર ગતિમાં ક્યાંય સમતા કે શાંતિ નથી. (સંસારભાવના)

(૪) અનંતકાળથી જીવ ગતિ–ગતિમાં (ચારે ગતિમાં) દુઃખ પામ્યો; ને અનંતકાળ ચારે ગતિ રહેશે. તેમાં આત્મા એકલો છે, ચારે ગતિમાં જીવ એકલો છે ને મોક્ષમાં પણ એકલો છે; ચેતન એક છે ને તેનામાં ગુણો અનેક વસે છે.(એકત્વભાવના)

(૫) હે જીવ! તું કોઈનો નથી, ને કોઈ તારું નથી; તારા સુખ–દુઃખ તને જ થાય છે. માટે પરથી ભિન્ન તારા સ્વરૂપને તું અંતરમાં વિચાર, અને પરદ્રવ્યોનો મોહ છોડ. (અન્યત્વભાવના)

(૬) હાડ–માંસથી ભરેલા આ શરીર ઉપર ચામડું મઢેલું છે; અંદર તો લોહી ને મળમૂત્ર ભરેલા છે. એવું હોવા છતાંય તે સ્થિર તો રહેતું નથી, ચોક્કસપણે ક્ષય પામી જાય છે; એને તજતાં જીવ મુક્તિ પામે છે. (અશુચી ભાવના)

(૭) શરીર–કુટુંબીજન વગેરેમાં હિત–અહિતબુદ્ધિરૂપ મિથ્યા પ્રવૃત્તિને તું કેમ છોડતો નથી?–એ મિથ્યા પ્રવૃત્તિથી તો સાતા–અસાતારૂપ રોગ દેનારા પુદગલકર્મો પરિણમે છે. (આસ્રવભાવના)

(૮) હે જીવ! તું પાંચે ઇન્દ્રિયોના વિષયો રોકીને, ચિત્તનિરોધ કરીને, મોક્ષમાર્ગમાં લાગ...તું તારા સ્વરૂપમાં જ સહેલ કર. મફતનો ઘાણીના બળદની જેમ કેમ ભમી રહ્યો છે? (સંવરભાવના)

(૯) કષાય અને મનની ચંચળવૃત્તિને છોડીને, આનંદરસથી ભરેલા નિજસ્વરૂપને તું ધ્યાવ!–જેથી દુઃખદાયી કર્મો ઝરી જાય અને કેવળજ્ઞાન–પ્રકાશ પ્રગટે. (નિર્જરાભાવના)

(૧૦) લોકમાં એવું કોઈ ક્ષેત્ર નથી કે જ્યાં તારો જન્મ ન થયો હોય. તું આ જન્મભૂમિમાં મોહિત થઈને કેમ રાચે છે? સમ્યક્ ઉપાય વડે એમાંથી નીકળ, (અર્થાત્ નિકલ–અશરીરી એવા સિદ્ધપદમાં ચાલ) તો તું કર્મબંધનથી છૂટીશ. (લોકભાવના)

(૧૧) હે જીવ! સર્વે વ્યવહારક્રિયાઓનું જ્ઞાન તો તેં અનંતવાર કર્યું, પરંતુ જેનાથી કલ્યાણ થાય છે એવા નિજસ્વરૂપનું જ્ઞાન અત્યંત દુર્લભ છે. (એવું જ્ઞાન પ્રગટ કર.) (દુર્લભબોધિભાવના)

(૧૨) સ્વાભાવિક ધર્મ નિજસ્વરૂપનું શ્રદ્ધાન છે; પરંતુ બાહ્યશીલ, સ્નાન કે દાનાદિ તે ધર્મ નથી. હે બુધજન! શ્રીગુરુના આવા ઉપદેશનો તમે વિચાર કરો અને નિજસ્વરૂપનો નિર્ણય કરીને આત્મધર્મને ગ્રહણ કરો. (ધર્મ ભાવના)

# મુમુક્ષુની પાત્રતા

દયા શાંતિ સમતા ક્ષમા,
સત્ય ત્યાગ વૈરાગ્ય.
હોય મુમુક્ષુ ઘટ વિષે,
એહ સદાય સુજાગ્ય. (આત્મસિદ્ધિ)

જે જીવ મુમુક્ષુ છે તેના અંતરમાં સદાય દયા શાંતિ સમતા ક્ષમા સત્ય ત્યાગ અને વૈરાગ્યાદિ ભાવો હોય છે. જે જીવ મુમુક્ષુ છે–જે શુભ રાગને પણ તોડીને પરમવીતરાગભાવરૂપ મોક્ષને ઈચ્છે છે–તેને ક્રોધ કેમ ગમે? તેને અશાંતિ કે અસત્ય કેમ ગમે? જ્યાં વારંવાર અંતરમાં ચૈતન્યના અનુભવ માટેની ભાવનાઓ ઘૂંટાય છે ત્યાં વિષય–કષાયના પરિણામો એકદમ શાંત થઈ જાય છે. ક્રોધમાં અસત્યમાં વિષયોમાં જેના પરિણામ લવલીન રહેતા હોય તેનામાં મુમુક્ષુતા ક્યાંથી જાગે?

અહા, મુ.....મુ.....ક્ષુ એટલે તો મોક્ષનો પથિક! એના પરિણામોનો ઝુકાવ સંસાર તરફ ન હોય, સંસારથી વિમુખ થઈને ચિદાનંદસ્વરૂપને જ તે વારંવાર ભાવે છે. ને એવી ઉત્તમ ભાવના પાસે અશુભપરિણામ બિચારા કેમ ટકી શકે? ત્યાં તો પરિણામોમાં વૈરાગ્ય–કોમળતા વગેરે પાત્રતા સહેજે હોય છે.

# વિવિધ વચનામૃત

*** દરરોજ આઠ કલાક**

વાહ! એ મુનિદશા કેવી અદભુત...કે દરરોજ ચોવીસકલાકમાંથી જેનાં આઠકલાક તો નિર્વિકલ્પઅનુભવના આનંદમાં જ વીતે. (કેમકે મુનિઓ છઠ્ઠા–સાતમા ગુણસ્થાને એવા ઝુલે છે કે મુનિદશાના કાળમાંથી બે ભાગ છઠ્ઠાગુણસ્થાનના, ને એક ભાગ સાતમા ગુણસ્થાનનો છે.)

રે જીવ! આવા મુનિવરોનો આદર્શ હૃદયમાં ઝીલીને તું રોજ આઠ મિનિટ તો આત્મચિંતનનો ઉદ્યમ કર!–એનું ય ફળ મહાન આવશે.

*** સાચું સાધન ક્યું?**

જેને સાથે લઈને મોક્ષ પામી શકાય–તે મોક્ષનું સાચું સાધન હોય;

–જેમકે સમ્યગ્દર્શન

જેને સાથે લઈને મોક્ષ ન પામી શકાય–તે મોક્ષનું સાચું સાધન નથી;

–જેમ કે શુભરાગ

*

કોઈ કહે કે શરીર તે મોક્ષનું સાધન!

તો તેને પૂછીએ છીએ કે– શું મોક્ષમાં તું શરીરને સાથે લઈ જવાનો છો?

–ના; તો તે મોક્ષનું સાચું સાધન નહિ.

મોક્ષ માટે જેને છોડવું પડે તે મોક્ષનું સાચું સાધન કેમ હોય?

મોક્ષમાં જનારને જેમ શરીર છોડવું પડે છે તેમ રાગ પણ છોડવો પડે છે, માટે તે પણ મોક્ષનું સાધન નથી.

*

સાધન અને સાધ્ય બંને એક જાતના હોય છે.

પૂર્ણ ચૈતન્યભાવરૂપ સર્વજ્ઞતાનું સાધન પણ ચૈતન્યમય હોય.

પૂર્ણ વીતરાગભાવનું સાધન પણ અંશે વીતરાગભાવ હોય; રાગ તેનું સાધન ન હોય. રાગ વડે તો રાગ સધાય, રાગવડે વીતરાગતા ન સધાય.

અજ્ઞાનભાવ વડે અજ્ઞાન સધાય, અજ્ઞાનવડે જ્ઞાન ન સધાય.

આ પ્રમાણે સાધક ને સાધ્ય બંને એક જાતના હોય છે.

*** આપણો જંબુદ્વીપ**

આપણે અને સીમંધરાદિ તીર્થંકરો જે દ્વીપમાં રહીએ છીએ તેનું નામ જંબુદ્વીપ છે–

આપણા ભરતક્ષેત્રથી સીમંધરભગવાનનું વિદેહક્ષેત્ર લગભગ પચાસ હજાર યોજન જેટલું નજીક છે. ( અહીં ૧ યોજન એટલે લગભગ ચાર હજાર માઈલ. )

જંબુદ્વીપમાં વચ્ચે મેરૂપર્વત આવેલ છે–તે વિદેહક્ષેત્રની વચમાં છે.

મેરૂપર્વત લગભગ ચાલીસ કરોડ માઈલ ( એક લાખ યોજન ) ઊંચો છે.

મેરૂપર્વતની ઉત્તર તરફ જંબુનામનું એક કુદરતી વૃક્ષ છે, તે વૃક્ષ ઉપર શાશ્વત જિનાલયમાં રત્નમય જિનબિંબ બિરાજે છે. આ જંબુવૃક્ષ ઉપરથી આપણા દ્વીપનું નામ ‘જંબુદ્વીપ’ છે.

જે જંબુવૃક્ષને કારણે આપણો દ્વીપ જંબુદ્વીપ કહેવાયો તે જંબુવૃક્ષ વિદેહક્ષેત્રમાં આવ્યું છે.

જો કે આપણા ભરતક્ષેત્રના તીર્થંકરો ભરતક્ષેત્રની બહાર વિહાર નથી કરતા, ભરતક્ષેત્રના આર્યખંડમાં જ વિહાર કરે છે; છતાં બધા તીર્થંકરો એકવાર તો વિદેહક્ષેત્રમાં જાય છે.–ક્યારે ? કે જન્માભિષેક માટે ઇન્દ્ર તેમને મેરૂપર્વત ઉપર લઈ જાય છે ત્યારે તેમનું વિદેહગમન થાય છે, કેમકે મેરૂપર્વત વિદેહક્ષેત્રની વચ્ચે આવ્યો છે.

અનેક મુનિવરો પણ મેરુતીર્થની વંદના કરવા જાય છે, ત્યાં શાશ્વત પ્રતિમાઓનાં દર્શન કરે છે, ને નિજાત્માનું ધ્યાન ધરે છે.

આપણે અહીંથી ભાવપૂર્વક એ મેરુતીર્થને, એ વિદેહવાસી તીર્થંકરોને અને એ મુનિવરોને નમસ્કાર કરીએ છીએ.

( જંબુદ્વીપ પછીના બીજા બે દ્વીપોમાં પણ ચાર મેરૂપર્વતો છે. )

*** વૈરાગ્ય પ્રેરણા**

ઉગરચંદ શાંતિલાલની ગંભીર તબીયત વખતે ભાઈશ્રી જગુભાઈએ કહેલ કે– આપણને તો પૂજ્ય ગુરુદેવશ્રીનો પરમ ઉપકાર છે તેથી સર્વે જાતના સમાધાન થઈ શકે છે. આ દેહ તો ક્ષણભંગુર છે; સંસારના સંયોગી પદાર્થનો વિયોગ અવશ્ય થાય છે. મુખ્ય એક જ્ઞાયકસ્વભાવ છે તેનું શરણ કરવા જેવું છે.

# અમે જિનવરનાં સંતાન ✻ ( નવા સભ્યોનાં નામ )

રખિયાલના સભ્યોના નામ: ( ૨૧૯૬ ) બાબુલાલ ( ૨૧૯૭ ) સુરેખા બેન ( ૨૧૯૮ ) અજીત ( ૨૧૯૯ ) પ્રકાશ બી. ( ૨૨૦૦ ) જદુરાય ( ૨૨૦૧ ) અજીત આર. ( ૨૨૦૨ ) મનોજ ( ૨૨૦૩ ) શકુંતલાબેન ( ૨૨૦૪ ) ગુણીબેન ( ૨૨૦૫ ) હસમુખ કે. ( ૨૨૦૬ ) કિરિટ જે.( ૨૨૦૭ ) મહેન્દ્ર એસ. ( ૨૨૦૮ ) જિતેન્દ્ર ( ૨૨૦૯ ) પ્રવીણ. કે. ( ૨૨૧૦ ) કિરિટ ( ૨૨૧૧ ) સુધાબેન ( ૨૨૧૨ ) અરૂણાબેન ( ૨૨૧૩ ) સુરેખાબેન ( ૨૨૧૪ ) પ્રકાશ આર. ( ૨૨૧૫ ) કમલેશ ( ૨૨૧૬ ) ભરત ( ૨૨૧૭ ) દીલીપ એમ. ( ૨૨૧૮ ) ભારતીબેન ( ૨૨૧૯ ) શૈલેશ ( ૨૨૨૦ ) સુધાબેન ( ૨૨૨૧ ) અરૂણાબેન એ. ( ૨૨૨૨ ) શર્મિષ્ઠાબેન ( ૨૨૨૩ ) મહેન્દ્ર કે. ( ૨૨૨૪ ) નયનાબેન ( ૨૨૨૫ ) કિરિટ કે. ( ૨૨૨૬ ) રાજેન્દ્ર આર. ( ૨૨૨૭ ) અલકાબેન આર. ( ૨૨૨૮ ) નયનાબેન આર. ( ૨૨૨૯ ) જયેશકુમાર ( ૨૨૩૦ ) મહેન્દ્ર આર. ( ૨૨૩૧ ) અશોક ( ૨૨૩૨ ) પ્રવીણ ટી. ( ૨૨૩૩ ) અરવિંદ સી. ( ૨૨૩૪ ) બિપિનચંદ્ર કે. ( ૨૨૩૫ ) રમેશ એમ. ( ૨૨૩૬ ) પ્રવીણ કે. જૈન.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨૩૭ | રમેશભાઈ વાડીલાલ જૈન | હિંમતનગર | ૨૨૫૦क | સંજયકુમાર ચંદુલાલ જૈન | વિંછીયા |
| ૨૨૩૮ | જીતેન્દ્રકુમાર બાબુલાલ જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૦ड | રાજેશ્રીબેન ન્યાલચંદભાઈજૈન | વિંછીયા |
| ૨૨૩૯ | પ્રફુલકુમાર મનસુખલાલ જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૦इ | દેવયાનીબેન ન્યાલચંદ જૈન | વિંછીયા |
| ૨૨૪૦ | ભરતકુમાર રમણીકલાલ જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૧अ | જયેશકુમાર મનસુખલાલ જૈન | વિંછીયા |
| ૨૨૪૧अ | સાધનાબેન અનિલકુમાર જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૧ब | કિરણકુમાર મનસુખલાલ જૈન | વિંછીયા |
| ૨૨૪૧ब | શીલ્પાબેન અનિલકુમાર જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૨ | દિલીપકુમાર અનંતરાય જૈન | અમદાવાદ |
| ૨૨૪૧क | સંગીતાબેન અનિલકુમાર જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૩ | નવનીતકુમારઅમૃતલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૨ | પ્રજ્ઞાબહેન રજનીકાંત જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૪अ | કેતુબહેન બાબુભાઈ જૈન | અમદાવાદ |
| ૨૨૪૩ | રંભાબહેન વસંતલાલ જૈન | મુંબઈ–૮૦ | ૨૨૫૪ब | સ્વાતિબહેન બાબુભાઈ જૈન | અમદાવાદ |
| ૨૨૪૫ | દિલીપભાઈ જયંતિલાલ જૈન | કલકત્તા–૧ | ૨૨૫૪क | નિધિષકુમાર બાબુભાઈ જૈન | અમદાવાદ |
| ૨૨૪૬अ | ભારતીબેન કેશવલાલ જૈન | કલકત્તા–૧ | ૨૨૫૪ड | નૈષધકુમાર બાબુલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૬ब | મુકેશભાઈ કેશવલાલ જૈન | કલકત્તા–૧ | ૨૨૫૫अ | હર્ષિતાબેન શાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૬क | નિતીનભાઈ કેશવલાલ જૈન | કલકત્તા–૧ | ૨૨૫૫ब | હરેશકુમાર શાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૬ड | પ્રીતિબહેન કેશવલાલ જૈન | કલકત્તા–૧ | ૨૨૫૫क | વિનોદકુમાર શાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૭ | નીલાબહેન કાંતિલાલ જૈન | અમદાવાદ–૯ | ૨૨૫૫ड | ભારતીબહેન કાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૮ | સનતકુમાર તુલસીદાસ જૈન | મુંબઈ–૧૯ | ૨૨૫૬अ | કેતુબહેન અંબાલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૯अ | યોગેશકુમાર સાંકળચંદ જૈન | સોનગઢ | ૨૨૫૬ब | દિવ્યાબહેન અંબાલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૯ब | રાજેશકુમાર સાંકળચંદ જૈન | સોનગઢ | ૨૨૫૭ | જીતેન્દ્રકુમાર નટવરલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૯क | વિજયકુમાર સાંકળચંદ જૈન | સોનગઢ | ૨૨૫૮अ | પ્રવિણચંદ્ર કાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૪૯ड | અશોકકુમાર રતનલાલ જૈન | સોનગઢ | ૨૨૫૮ब | ઉષાબહેન કાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૫૦अ | શ્રી રશ્મિકાબહેન ચંદુલાલ જૈન | વિંછીયા | ૨૨૫૮क | પન્નાબહેન કાંતિલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૫૦ब | છાયાબેન ચંદુલાલ જૈન | વિંછીયા | ૨૨૫૮ड | મીનાક્ષીબહેન કાંતિલાલ જૈન | અમદાવાદ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨૫૯ અ | ભરતકુમાર જયંતિલાલ જૈન | વિંછીયા | ૨૨૭૦બ | કીરીટકુમાર રતીલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૫૯ બ | વર્ષાબહેન જયંતિલાલ જૈન | વિંછીયા | ૨૨૭૧ | જ્યોતિબહેન મગનલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૦ | રંજનબહેન પ્રવિણચંદ્ર જૈન | વિંછીયા | ૨૨૭૨અ | દિપકકુમાર વછરાજભાઈ જૈન | રાજકોટ |
| ૨૨૬૧અ | પ્રવિણચંદ્ર પૂનમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૨બ | રૂપાબહેન વછરાજભાઈ જૈન | રાજકોટ |
| ૨૨૬૧બ | ભરતકુમાર પૂનમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૩અ | મીનાકુમારી યશવંતરાય જૈન | રાજકોટ |
| ૨૨૬૧ક | કિરીટકુમાર પૂનમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૩બ | સંજયભાઈ યશવંતરાય જૈન | રાજકોટ |
| ૨૨૬૧ડ | મંજુલાબહેન પૂનમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૩ક | જયદેવભાઈ યશવંતરાય જૈન | રાજકોટ |
| ૨૨૬૧ઇ | અરૂણાબહેન પૂનમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૪ | સરોજબહેન ભંવરલાલ જૈન | મુંબઈ–૨ |
| ૨૨૬૨અ | પ્રવિણચંદ્ર નેમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૫અ | દિપેનભાઈ જયસુખલાલ જૈન | વડોદરા–૧ |
| ૨૨૬૨બ | બિપીનકુમાર નેમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૫બ | સુજીતભાઈ જયસુખલાલ જૈન | વડોદરા–૧ |
| ૨૨૬૨ક | રાજેન્દ્રકુમાર નેમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૬ | ભાવેશકુમાર હસમુખરાય જૈન | લાઠી |
| ૨૨૬૨ડ | ઈન્દિરાબહેન નેમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૭ | સોનલબહેન પ્રવિણચંદ્ર જૈન | ભાવનગર |
| ૨૨૬૨ઇ | કલ્પનાબહેન નેમચંદ જૈન | હિંમતનગર | ૨૨૭૮ | ભારતીબહેન મીલાપચંદ જૈન | કુડસદ |
| ૨૨૬૩અ | માલતીબહેન અમૃતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૭૯અ | પ્રેમીલાબહેન મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૩બ | મુકેશકુમાર અમૃતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૭૯બ | અંજનાબહેન મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૩ક | સુધાબહેન અમૃતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૭૯ક | નયનાબહેન મનસુખલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૩ડ | મહેશકુમાર અમૃતલાલ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૮૦અ | કુમુદબહેન બાબુલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૪અ | મીરાંબહેન કેવળચંદ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૮૦બ | રેખાબહેન બાબુલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૪બ | રૂપાબહેન કેવળચંદ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૮૦ક | વીરેન્દ્રકુમાર બાબુલાલ જૈન | અમદાવાદ |
| ૨૨૬૪ક | સોનાબહેન કેવળચંદ જૈન | મુંબઈ–૨૮ | ૨૨૮૧અ | ભામિનીબહેન સુખલાલ જૈન | રાજકોટ |
| ૨૨૬૫ | જયંતબાળા સોમચંદ જૈન | અમદાવાદ | ૨૨૮૧બ | પ્રદિપકુમાર સુખલાલ જૈન | રાજકોટ |
| ૨૨૬૬ | રક્ષાબહેન મીઠાલાલ જૈન | અમદાવાદ | ૨૨૮૨અ | દેવેન્દ્રકુમાર પ્રાણલાલ જૈન | પાલેજ |
| ૨૨૬૭અ | કિરણકુમાર ચંદુલાલ જૈન | અમદાવાદ | ૨૨૮૨બ | પૂર્ણિમાબહેન પ્રાણલાલ જૈન | પાલેજ |
| ૨૨૬૭બ | જ્યોતિકાબહેન ચંદુલાલ જૈન | અમદાવાદ | ૨૨૮૩ | હસુમતી રતીલાલ જૈન | જોરાવરનગર |
| ૨૨૬૮અ | પુષ્પાબહેન ન્યાલચંદ જૈન | અમદાવાદ | ૨૨૮૪ | મનીષકુમાર હીરાલાલ જૈન | લાઠી |
| ૨૨૬૮બ | જશુમતીબહેન ન્યાલચંદ જૈન | અમદાવાદ | ૨૨૮૫અ | ભાવેશકુમાર વસંતરાય જૈન | હૈદ્રાબાદ |
| ૨૨૬૮ | અંજલિબહેન રમણીકલાલ જૈન | અમદાવાદ | ૨૨૮૫બ | બીનાકુમારી વસંતરાય જૈન | હૈદ્રાબાદ |
| ૨૨૬૯ | વસંતકુમાર નાનચંદ જૈન | અમદાવાદ | ૨૨૮૬અ | જયશ્રીબહેન ચીમનલાલ જૈન | હૈદ્રાબાદ |
| ૨૨૭૦અ | હસમુખરાય રતીલાલ જૈન | અમદાવાદ | ૨૨૮૬બ | રાજેશભાઈ ચીમનલાલ જૈન | હૈદ્રાબાદ |

## સોનગઢમાં

# ધાર્મિક અધ્યયન માટેની યોજના

પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ૮૦મી જન્મજયંતિ વૈશાખ સુદ બીજના રોજ મુંબઈમાં "રત્નચિન્તામણિ–મહોત્સવ" તરીકે ધામધૂમથી ઉજવવામાં આવશે. તેના ઉપલક્ષમાં શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા નીચે મુજબની એક યોજના વિચારવામાં આવી છે.

(૧) જૈન ધર્મમાં રુચિ રાખવાવાળા કોઈ પણ ત્યાગી અથવા સુયોગ્ય વિદ્વાન કે જે અહીં રહીને ધાર્મિક અધ્યયન કરે, પૂજ્ય આત્મજ્ઞ સંત શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનોનું નિત્ય શ્રવણ કરે, અહીં તેમને માટે એક શિક્ષણ શિબિર ચાલે તેમાં ખંતપૂર્વક અભ્યાસ કરે અને જે વિષયો અભ્યાસક્રમમાં રાખવામાં આવે તેમાં નિપુણતા મેળવે.

(૨) આ રીતના કાર્યક્રમમાં સતત બે માસ સુધી ઉપસ્થિત રહે તેને માટે અહીં નિવાસસ્થાનની તથા ખાનપાનાદિની વ્યવસ્થા કરી આપવામાં આવશે અને જેમને પ્રવાસ ખર્ચ આપવાની આવશ્યકતા જણાશે તેમને તે પણ આપવામાં આવશે.

(૩) શાસ્ત્રાભ્યાસમાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી તેમને બહાર ગામ ધર્મપ્રચારાર્થે મોકલવામાં આવશે. ત્યાં તેઓ, પૂજ્ય સ્વામીજી જે જૈન સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે તેવા પ્રકારનો ઉપદેશ જૈનજનતાને આપે, શિક્ષણશિબિર ખોલે અને તેમાં વિદ્યાર્થીઓને તથા પ્રૌઢોને શિક્ષણ આપે.

(૪) પ્રચાર–કાર્ય માટે ગૃહસ્થ–વિદ્વાન જાય તેમને યોગ્યતાનુસાર વેતન પણ આપવામાં આવશે.

(૫) સમયની અનુકૂળતા મુજબ આવા શિક્ષણ શિબિરો અહીં ખોલવામાં આવશે અને તે ઓછામાં ઓછા બે માસ પર્યંત ચાલશે. આવી રીતે વરસ દરમ્યાન ત્રણ વખતનો કાર્યક્રમ રહેશે અને તે હાલ તુરત બે વર્ષ સુધી ચાલુ રાખવામાં આવશે. પ્રારંભનો આવો શિક્ષણ વર્ગ લગભગ મે માસમાં ચાલુ કરવાની ધારણા છે.

( ૬ ) ઉપરોક્ત યોજનાનો જે કોઈ લાભ લેવા ઈચ્છતા હોય તેમણે પોતાનો અભ્યાસ ( ધાર્મિક તથા લૌકિક ), ઉંમર, હાલની કાર્યવાહી વગેરેની પૂરી વિગત સાથે નીચેના સરનામે પત્ર–વ્યવહાર કરવો. જેમની પસંદગી કરવામાં આવશે તેમને યોગ્ય સમયે સૂચના આપવામાં આવશે અને તે વખતે તેમણે અહીં આવવું જોઈશે.

સોનગઢ
તા. ૪–૧–૬૯

નવનીતલાલ સી. જવેરી
**પ્રમુખ**
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

## -: વિજ્ઞપ્તિ :-

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામીનાં પ્રવચનો સાંભળવા તથા ધાર્મિક શિક્ષણ વર્ગમાં અભ્યાસ કરવા માટે ઘણા મુમુક્ષુ ભાઈ–બહેન સોનગઢ આવે છે.

હિન્દીભાષી મુમુક્ષુઓ માટે જે ધર્મશાળા બનાવવામાં આવી છે તે પણ હવે બહુ જ નાની પડે છે–એટલે દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ દ્વારા વાર્ષિક મીટિંગમાં વર્તમાન ધર્મશાળા ઉપર એક માળ બનાવવાની યોજના વિચારવામાં આવી છે. જે ભાઈ–બહેન રૂા. ૪૦૦૦/–નું દાન આપશે તેમના નામનો એક રૂમ બનાવીને તેમાં દાતાના નામની તકતી લગાડવામાં આવશે. એક રૂમ માટે બે વ્યક્તિઓ મળીને પણ દાન આપી શકે છે. તે ઉપરાંત નાની–નાની રકમો પણ સ્વીકારવામાં આવશે; અને એવા દાતાઓના નામ બોર્ડ ઉપર લખવામાં આવશે. યોજનાની શરૂઆત થઈ ચૂકી છે. પહેલા રૂમ માટે શ્રી નવનીતલાલ ચુનીલાલ જવેરી ( પ્રમુખ–શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ ) તરફથી રૂા. ૪૦૦૦/–ચાર હજારની જાહેરાત કરવામાં આવી છે. રૂમની માલિકી ટ્રસ્ટની રહેશે; પણ દાતાઓના સગા–સંબંધીઓ માટે ઉતરવામાં પ્રથમ પસંદગી આપવામાં આવશે.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

# વૈરાગ્ય સમાચારઃ-

ગોંડલના ભાઈશ્રી ખત્રી વનમાળી કરસનજી (ભગત) તા. ૩–૧–૬૯ ના રોજ ગોંડલ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

માટુંગાવાળા ઝોબાલિયા ચુનીલાલ કસ્તુરચંદના સુપુત્ર ભોગીલાલ તા. ૨૮–૧૨–૬૮ ના રોજ પુના મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

શાંતિલાલ કસ્તુરચંદ ઝોબાલિયાના સુપુત્ર ઉગરચંદ તા. ૧૬–૧–૬૯ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેમની ઉમર આશરે ૩૬ વર્ષની હતી અને અવારનવાર સોનગઢ આવતા.

સોનગઢમાં પોષ વદ ૧૧ ની રાતે જામનગરવાળા કસ્તુરબેન (વોરા અમૃતલાલ દેવકરણના ધર્મપત્ની) એકાએક ૨૪ કલાકની બિમારીથી સ્વર્ગવાસ પામી ગયા. તેઓ ઘણાં વર્ષોથી સોનગઢમાં રહીને પૂ. ગુરુદેવના સત્સંગનો લાભ લેતા હતા. દસમની રાત સુધી તેઓ તત્ત્વચર્ચા કરતા હતા. ત્યારપછી એકાએક તેમને હેમરેજ થઈ ગયું ને થોડીવારમાં તો બેશુદ્ધ થઈ ગયા. ૧૧ ની સાંજે ગુરુદેવ પધારેલા ત્યારે પણ બેશુદ્ધ હતા...ને મોડી રાતે તેઓ સ્વર્ગવાસ પામી ગયા.

રાજકોટના ભાઈશ્રી મનુભાઈ એમ. છાયા તા. ૧–૧૨–૬૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

પાલેજના ભાઈશ્રી કાળીદાસ ગંભીરદાસ પોષ વદ ૧૪ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓ દેવ–ગુરુ–ધર્મના શરણે આત્મહિત પામો.

**પુનરાવર્તન** (આ દશ પ્રશ્નોના ઉત્તર અંક ૩૦૩ માંથી મેળવી શકશો.)

(૧) જગતમાં સૌથી શ્રેષ્ઠ કોણ?

(૨) કોણ તમારા સાધર્મી? ને કોનાં તમે મિત્ર?

(૩) મોક્ષનગરીના દરવાજાનું નામ શું? ને આંધળાએ શું ભૂલ કરી?

(૪) ચાર પ્રકારનાં સુખ ક્યા? તેમાં ઉત્તમ સુખ કયું?

(૫) મરણ ટાણે કોઈને આનંદ હોઈ શકે?

(૬) આપણને મળેલા ત્રણ રત્નોનું જીવની જેમ જતન કરીએ,–એ રત્નો ક્યા?

(૭) એક પાનામાં ૧૩ મહાન દિગંબર સન્તોના નામ (મોટા અક્ષરે) છાપેલા છે, તે ક્યા?

(૮) સૌરાષ્ટ્રમાં ત્રીજો માનસ્તંભ તૈયાર થાય છે–તે ક્યાં?

(૯) મધ (મીઠું કે કડવું?) તે ખવાય ખરું?

(૧૦) શત્રુંજય ઉપરથી ત્રણ મહાપુરુષો મોક્ષ પામ્યા–તે કોણ?

## પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના
## મંગલ વિહારનો કાર્યક્રમ ( વિ. સં. ૨૦૨૫ )

| ક્રમ | ગામ | તિથિ | વાર | તારીખ | દિવસ | |
|---|---|---|---|---|---|---|
| ૧ | રાણપુર | માહ વદ ૬, | શનિ | ૮–૨–૬૯ | ૧ | |
| ૨ | અમદાવાદ | માહ વદ ૭ થી ફાગણ સુદ ૫, ( માહ વદ ૧૦ ક્ષય ) | રવિ થી શુક્ર | ૯ થી ૨૧–૨–૬૯ | ૧૩ | પંચકલ્યાણક–પ્રતિષ્ઠા, ( પ્રતિષ્ઠા–તિથિ ફા. સુ. ૫ તા. ૨૧–૨–૬૯ શુક્રવાર ) |
| ૩ | દહેગામ | ફાગણ સુદ ૬ | શનિવાર | ૨૨–૨–૬૯ | ૧ | |
| ૪ | રખિયાલ | ફા. સુ. ૭ | રવિવાર | ૨૩–૨–૬૯ | ૧ | |
| ૫ | તલોદ | ફા. સુ. ૮–૯ | સોમ–મંગળ | ૨૪/ ૨૫–૨–૬૯ | ૨ | |
| ૬ | મુનઈ | ફા. સુ. ૧૦ | બુધવાર | ૨૬–૨–૬૯ | ૧ | સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન. |
| ૭ | રણાસણ | ફા. સુ. ૧૧ થી ફા. વ. ૨ ( ફા. સુ. તેરશ બે ) | ગુરુ થી ગુરુ | ૨૭ થી ૬–૩–૬૯ | ૮ | પંચકલ્યાણક–પ્રતિષ્ઠા ( પ્રતિષ્ઠા ફા. વ. ૨, તા. ૬–૩–૬૯ ગુરુવાર |
| ૮ | હિંમતનગર | ફા. વ. ૩–૫ ( ચોથનો ક્ષય ) | શુક્ર–શનિ | ૭/ ૮–૩–૬૯ | ૨ | સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન( ફા.વ. ૩ ) |
| ૯ | નરસિંહપુરા –ઝહર | ફા. વ. ૬ | રવિવાર | ૯–૩–૬૯ | ૧ | |
| ૧૦ | ફતેપુર | ફા. વ. ૭–૮–૯ | સોમ–મંગળ–બુધ | તા. ૧૦–૧૧–૧૨–૩–૬૯ | ૩ | ( બુધવારે સાંજે નીકળી રાત અમદાવાદ ) |
| ૧૧ | બરવાળા | ફા. વ. ૧૦ | ગુરુવાર | ૧૩–૩–૬૯ | ૧ | |
| ૧૨ | કુંડલા–કાનાતળાવ | ફા. વ. ૧૧ થી ફા. વ. ૧૪ | શુક્ર થી સોમ | ૧૪ થી ૧૭–૩–૬૯ | ૪ | ( ફા. વ. ૧૩ રવિવાર કાનાતળાવમાં જિનમંદિર–શિલાન્યાસ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | રાજકોટ | ફા. વ. ૦) ) થી ચૈ. સુ. ૧૨ | મંગળ થી રવિ | ૧૮ થી ૩૦-૬-૬૯ | ૧૩ | |
| ૧૪ | સુરેન્દ્રનગર | ચૈ. સુ. ૧૩ | સોમવાર | ૩૧-૩-૬૯ | ૧ | મહાવીરજયંતી |
| ૧૫ | અમદાવાદ | ચૈ. સુ. ૧૪ | મંગળવાર | ૧-૪-૬૯ | ૧ | |
| ૧૬ | વડોદરા | ચૈ. સુ. ૧૫ | બુધવાર | ૨-૪-૬૯ | ૧ | |
| ૧૭ | મીંયાગામ | ચૈ. વ. ૧ | ગુરુવાર | ૩-૪-૬૯ | ૧ | |
| ૧૮ | પાલેજ | ચૈ. વ. ૨ થી ૫ | શુક્ર થી સોમ | ૪ થી ૭-૪-૬૯ | ૪ | |
| ૧૯ | સુરત | ચૈ. વ. ૬-૭ (આઠમો ક્ષય) | મંગળ-બુધ | ૮/ ૯-૪-૬૯ | ૨ | |
| ૨૦ | બિલિમોરા | ચૈ. વ. ૯ | ગુરુવાર | ૧૦-૪-૬૯ | ૧ | (બપોરે પ્રવચન પછી નીકળી રાત રસ્તામાં) |
| ૨૧ | થાણા | ચૈ. વ. ૧૦ | શુક્રવાર | ૧૧-૪-૬૯ | ૧ | |
| ૨૨ | મુંબઈ (સ્વાગત) | ચૈ. વ. ૧૧ | શનિવાર | ૧૨-૪-૬૯ | | પંચકલ્યાણક-પ્રતિષ્ઠા; પૂ. ગુરુદેવની ૮૦ મી જન્મજયંતી-વૈ. સુ. ૨ |

## -: મુંબઈમાં પાંચ મહોત્સવો:-

વૈ. સુ. ૨, તા. ૧૮-૪-૬૯, શુક્રવાર-પૂ. ગુરુદેવશ્રીની ૮૦મી જન્મજયંતીનો ‘રત્નચિન્તામણિ-મહોત્સવ’,

વૈ. સુ. ૬, તા. ૨૨-૪-૬૯, મંગળવાર-શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિર (ઝવેરી બજાર) નો દશવર્ષીય ઉત્સવ-ઊજવવાનો,

વૈ. સુ. ૭, તા. ૨૪-૪-૬૯ ગુરુવાર- શ્રી ઋષભદેવ દિ. જિનમંદિરની પ્રતિષ્ઠા-મલાડ,

વૈ. સુ. ૮, તા. ૨૫-૪-૬૯, શુક્રવાર- શ્રી નેમિનાથ દિ. જિનમંદિરની પ્રતિષ્ઠા-ઘાટકોપર,

વૈ. સુ. ૧૧, તા. ૨૮-૪-૬૯, સોમવાર- શ્રી મહાવીરસ્વામી દિ. જિનમંદિર (દાદર) નો પંચવર્ષીય ઉત્સવ.

# બોધિદુર્લભ-અનુપ્રેક્ષા

અનંતકાળે નિગોદમાંથી નીકળીને સિદ્ધપદ–પ્રાપ્તિ સુધીની દુર્લભતાનો ક્રમ શું છે? અને તેમાં અપૂર્વપદ ક્યા છે? તે આ સામેના ચિત્રમાં સૂચવ્યું છે. કાર્તિકસ્વામીએ બોધિદુર્લભઅનુપ્રેક્ષામાં જે દુર્લભતાઓ બતાવી છે તે અનુસાર છહઢાળામાં કથન છે.

પ્રથમ તો નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાયાદિ પ્રત્યેકમાં આવવું દુર્લભ. પછી બેઈન્દ્રિ–ત્રીઈન્દ્રિ–ચતુરીન્દ્રિ કે અસંજ્ઞી પંચેન્દ્રિ થવું તે દુર્લભ. પછી પંચેન્દ્રિ થવું દુર્લભ. પંચેન્દ્રિયમાંય મનુષ્ય થઈને પણ કુદેવ–કુગુરુની સેવાથી છૂટીને સુદેવ–સુગુરુની (પંચપરમેષ્ઠીની) સેવા દુર્લભ છે.

(આ બધું દુર્લભ હોવા છતાં અહીં સુધી તો જીવ પહોંચી ગયો છે.)

હવે સુદેવ–ગુરુની સેવા પામીને પણ સમ્યગ્દર્શન પામવું તે દુર્લભ છે;–અહીંથી અપૂર્વ પદની શરૂઆત થાય છે. પછી રત્નત્રયરૂપ મુનિદશા પામવી દુર્લભ છે. તેનાથી પણ કેવળજ્ઞાનરૂપ અરિહંતપદ અને સિદ્ધપદ દુર્લભ છે.

હે જીવ! નીચલા પાંચ પગથિયાં તો તું વટાવી ગયો; ને પંચપરમેષ્ઠીની સેવા સુધી પહોંચી ગયો; હવે ખરા જરૂરી ઉપલા ચાર અપૂર્વ પગથીયાં ચડવાનો ઉદ્યમ કર. કદાચ એક સાથે ચાર પગથિયાં ન ચડી શકાય તો એક પગથિયું તો જરૂર ચડીને ‘અપૂર્વતામાં આવી જા.’

(જૈન બાળપોથીના પ્રશ્નો (પૃ. ૮ થી ચાલુ) ]

૧૦૨ તમારે કોનાં દર્શન કરવા છે?

૧૦૩ તમારે કોની સેવા કરવી છે?

૧૦૪ તમને શું કરવાનું ગમે છે?

૧૦૫ તમારે શેમાંથી છૂટવું છે?

૧૦૬ તમારે ઝટઝટ ક્યાં જવું છે?

૧૦૭ તમે રોજ ધર્મનો અભ્યાસ કરો છો કે નહીં?

૧૦૮ તમારી બા તમને ધર્મની વાર્તા કહે છે કે નહીં?

૧૦૯ તમે રોજ ભગવાનનાં દર્શન કરવા જાઓ છો કે નહીં?

૧૧૦ બાળપોથીમાં ૧૬ સ્વપ્નાનાં ચિત્રો ક્યા પાને છે?


૧૧૧ ૧૬ સ્વપ્નમાં પહેલું સ્વપ્ન કયું?

૧૧૨ જૈનઝંડામાં ચાર વાક્યો લખ્યા છે–તે ક્યા? (પાઠ ૧૬)

૧૧૩ હવે ‘જૈનધર્મની પહેલી ચોપડી વાંચવી તમને ગમશે?

૧૧૪ ‘અમે તો વીરતણા સંતાન’ એ ગીત તમને આવડે છે? जयजिनेन्द्र

## હે જીવ ! અત્યંત દુર્લભ મનુષ્યપણું પામીને અપૂર્વ એવા રત્નત્રયની આરાધનામાં તારા આત્માને જોડ.




એકેન્દ્રિયાદિક અંતગ્રીવક તક તથા અંતર ઘની,
પર્યાય પાય અનંતવાર અપૂર્વ સો નહીં, શિવધની !
સંસૃતિ–ભ્રમણત થકિત લખિ અબ દાસકી સુન લીજિયે,
સમ્યક્દરશ–વરજ્ઞાન–ચારિત–પથવિહારી કીજિયે.

સંસારભ્રમણથી થાકેલો જીવ વિચારે છે કે હે પ્રભો ! આ સંસારમાં ભમતાં એકેન્દ્રિયથી માંડીને અંતિમ ગ્રૈવેયક સુધીની તથા વચ્ચેની અનેક પર્યાયો હું અનંતવાર પામી ચુક્યો, મારે માટે તે કોઈ પર્યાય અપૂર્વ નથી. હે મોક્ષના નેતા ! હવે મને સંસારભ્રમણથી થાકેલો જાણીને મારી પ્રાર્થના સાંભળો...અને મને ઉત્તમ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષપથનો 'વિહારી' કરો.

# જ્ઞાન અને રાગ જુદા છે

જ્ઞાન અને રાગ જુદા છે,–એમ જુદાપણું કહો કે અકર્તાપણું કહો; કેમકે ભિન્નપણામાં કર્તાપણું ન હોય. પોતાથી ભિન્ન હોય તેને આત્મા જાણે ખરો પણ કરે નહિ. જેમ કેવળજ્ઞાનમાં વિકલ્પ નથી તેમ સાધકના શ્રુતજ્ઞાનમાં પણ વિકલ્પ નથી; જ્ઞાનથી વિકલ્પ જુદો છે, એટલે જ્ઞાનમાં તે નથી. કેવળજ્ઞાનની ભૂમિકામાં તો વિકલ્પ છે જ નહિ, જ્યારે શ્રુતજ્ઞાનની ભૂમિકામાં દેવ–ગુરુની ભક્તિ વગેરે વિકલ્પો છે પણ જ્ઞાની તેને કરતો નથી, તેને જ્ઞાનથી ભિન્નપણે જાણે છે. એટલે જ્ઞાનીને વિકલ્પ જ્ઞાનના જ્ઞેયપણે છે પણ જ્ઞાનના કાર્યપણે નથી. જ્ઞાનપણે પરિણમેલો જીવ રાગાદિ કષાયોને સ્પર્શતોય નથી,–સ્પર્શ્યો ત્યારે કહેવાય કે જો તેની સાથે એકતા કરે. જેમ આંખ અગ્નિને અડતી નથી, (અડે તો દાઝી જાય) તેમ જ્ઞાનચક્ષુ શુભાશુભ–કષાયરૂપ અગ્નિને અડતું નથી; જો અડે એટલે કે એકત્વ કરે તો તે અજ્ઞાન થઈ જાય; માટે જ્ઞાન પરભાવોને અડતું નથી. કરતું નથી, વેદતું નથી, તન્મય થતું નથી. આવા જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ સાચો આત્મા છે. રાગને કરે એવો આત્મા તે ‘સાચો આત્મા’ નથી. એટલે કે આત્માનું ભૂતાર્થસ્વરૂપ એવું નથી. શુભરાગ વગેરે વ્યવહારક્રિયા કરતાં કરતાં નિશ્ચય સમ્યક્ત્વાદિ થશે–એમ જે માને તેણે સાચા આત્માને નથી જાણ્યો પણ રાગને (અનાત્માને) જ આત્મા માન્યો છે, તે મોટો ખોટો છે (–મિથ્યાદૃષ્ટિ છે). સત્ય એવા ભૂતાર્થ આત્માને જાણ્યા વગર સમ્યગ્દર્શન ન થાય, સમ્યગ્દર્શન વગર ચારિત્રદશા (મુનિપણું) ન હોય, ને ચારિત્રદશા વગર મોક્ષ ન હોય. ચારિત્ર (મુનિદશા) વગર તો સમ્યગ્દર્શન હોઈ શકે, પણ ચારિત્રદશા સમ્યગ્દર્શન વગર કદી હોઈ શકે નહિ. માટે મોક્ષાર્થિએ સાચા આત્માનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન કરવું જોઈએ. – ‘જ્ઞાનચક્ષુ’ માંથી

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)